સુવિચાર

ભુલોએ જીવનનો અહમ હિસ્સો છે, તેને સ્વિકાર કરવાનું સાહસ ખૂબ જ ઓછા લોકોમાં હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

ASIને આરોપીએ ધમકી આપ્યાની ફરીયાદ ન નોંધી ટ્રાફિકમાં બદલી કરી નાખી...? P-4

Year-16, Issue-191 ■ DATE : 26-11-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનું અર્થતંત્ર ચાર ટ્રિલિયન ડોલરને પાર કરશે

હાલમાં ભારતનું અર્થતંત્ર ૩.૯ ટ્રિલિયન ડોલરના જીડીપી સાથે વિશ્વનું પાંચમાં ક્રમાંકનું અર્થતંત્રઃ ચીફ ઈકોનોમિક એડ્વાઈઝર વી અનંથા નાગેશ્વરને વ્યક્ત કર્યો આશાવાદ



મુખ્ય સમાચાર, નવીદિલ્હી

વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનું અર્થતંત્ર ચાર ટ્રિલિયન ડોલરનો આંક પાર કરી જાય તેવી શક્યતા ચીફ ઈકોનોમિક એડ્વાઈઝર વી અનંથા નાગેશ્વરને વ્યક્ત કરી છે.

તેમણે જણાવ્યું હતું કે ભૂરાજકીયનીતિ વિશાળ પરિવર્તન'ની સ્થિતિમાં છે, ત્યારે વૈશ્વિક યોજનાઓમાં ભારતની સ્થિતિ અને પ્રભાવ જાળવી રાખવા માટે આર્થિક વિકાસનું ખૂબ જ મહત્ત્વ છે. હાલમાં ભારતનું અર્થતંત્ર ૩.૯ ટ્રિલિયન ડોલરના જીડીપી સાથે વિશ્વનું પાંચમાં ક્રમાંકનું અર્થતંત્ર છે.

અત્રે આઈવીસીએ ગ્રીન રિટર્ન્સ સમિટ ૨૦૨૫ને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ભારતનું અર્થતંત્ર ચાર ટ્રિલિયન ડોલરની સપાટી પાર કરવાની નજીકમાં જ છે અને આગામી માર્ચનાં અંતે પૂરા થનારા વર્તમાન નાણાકીય વર્ષમાં અર્થતંત્ર ૩.૯ ટ્રિલ્યનથી વધીને ચાર ટ્રિલિયનની સપાટી પાર કરી જાય તેવી શક્યતા છે.

આથી અર્થતંત્રને પણ હરિયાળું બનાવવા માટે એનર્જી ટ્રાન્ઝિશન (ઊર્જા સંક્રમણ), આબોહવામાં પરિવર્તન અને હવામાનની અસ્થિરતાનો સામનો કરવા માટે આપણે જે કંઈપણ કરીએ છીએ તે નજીકનાં અને મધ્યમ બન્ને સમયગાળામાં આપણી પ્રાથમિકતા સાથે સુસંગત હોવું જોઈએ, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે દેશ ગ્લોબલ વોર્મિંગ અને હવામાનમાં થતાં ફેરફારોનાં સંભવિત પરિણામોથી વાકેફ છે અને તેની કૃષિ, પર્યાવરણ અને દરિયાકાંઠાના વિસ્તારો પર અસર પડે તેમ હોવાથી એક દેશ તરીકે વર્ષ ૨૦૭૦ સુધીમાં ચોખ્ખા શૂન્યનાં સ્તર સુધી પહોંચવા પ્રતિબદ્ધ છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

આનંદના સમાચારઃ ભારતીય પરિવારોની બચત ૨૫ ટકા વધી

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

દેશમાં રોકાણ કલ્ચર ફરી વધી રહ્યું છે તે નિશ્ચિત છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના રિપોર્ટ મુજબ ભારતીય પરિવારોએ એક તરફ કર્જ (દેવું) ઘટાડીને બચત વધારી છે. એટલું જ નહી આ બચત હવે બેન્કની થાપણો નહી પરંતુ શેરબજારમાં વળી છે. ખાસ કરીને આઈપીઓમાં જે નવેસરથી ક્રેજ સર્જાયો છે તે દર્શાવે છે કે રિટેલ રોકાણકારોની ભાગીદારી વધી છે. રિઝર્વ બેન્કના આ રિપોર્ટ મુજબ (૨૦૨૪/૨૫) ભારતીય પરિવારોની નેટ ફાયનાન્સીયલ પેસીવ એટલે કે દેવા વિ. બાદ કરીને નેટ વિતીય સંપતિ ૨૫% વધીને રૂા.૧૯.૯ લાખ કરોડ થઈ છે જે જીડીપીના ૬% છે. ૨૦૨૨/૨૩ના વર્ષમાં તે ઘટીને ૫૦ વર્ષના સૌથી નીચા ૪.૯%ના સ્તરે પહોંચીને રૂા.૧૩.૩૦ લાખ કરોડ થઈ હતી. બીજી તરફ રિઝર્વ બેન્કનો રિપોર્ટ છે કે ભારતીય પરિવારોનું કુલ દેવુ ૧૪.૪૬% ઘટીને રૂા.૧૫.૬૬ લાખ કરોડના આંકડાએ પહોંચ્યુ છે જે જીડીપીના ૪.૭% છે. ૨૦૨૩/૨૪માં તે રૂા.૧૮.૭૯ લાખ કરોડ નોંધાયું હતું. લોકોનો ઈકવીટી ખરીદી ભણી રસ વધી રહ્યો છે અને બેન્ક થાપણોમાં ઘટી રહ્યો છે. ઘરેલુ સંપતિમાં ઈકિવટીનો ફાળો ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં ૧૫.૧% જે અત્યાર સુધીનો સૌથી ઉંચો દર છે તે નોંધાય છે જે ૨૦૨૪માં ૮.૭% અને ૨૦૨૩માં ૭.૩% હતો. લોકો હવે સારા રિટર્ન માટે સ્કિમ ડિપોઝીટ નહી પણ શેરબજારમાં નાણા રોકી રહ્યા છે.

Petrol & Diesel Rate

પેટ્રોલ	રૂ. ૯૪.૨૪/લીટર
ડીઝલ	રૂ. ૮૯.૯૪/લીટર
CNG	રૂ. ૭૭.૦૦/કિલો

	સોનુ	ચાંદી
	₹૧,૨૭,૯૬૦	₹૧,૬૯,૦૦૦
	+૮૭૦	+૨૦૦૦
Today Rate	(૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	(૧ કિલો)

ડોલર	પાઉન્ડ
₹૮૯.૧૯	₹૧૧૭.૬૮

અયોધ્યા બાદ હવે ભગવાન શ્રી કૃષ્ણના જન્મસ્થળ મથુરાનો મુદ્દો ગરમાવો પકડે તેવી શકયતા

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ગઈકાલે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અત્યંત ધાર્મિક ઉલ્લાસના વાતાવરણ વચ્ચે અયોધ્યામાં નિર્મિત ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના ધ્વજારોહણની વિધિ સંપન્ન થતા જ મોદીના શબ્દોમાં કહીએ તો ૫૦૦ વર્ષના યજ્ઞની જવાળાઓ શાંત થઈ છે. ભગવાન શ્રી રામના જન્મ સ્થાને ભવ્ય મંદિર હોય તે હજું બે દશકા પુર્વે સ્વપન હતું તે સંપન્ન થયુ છે તો હવે મથુરામાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મસ્થાનનો મુદો ગરમી પકડી શકે. મથુરામાં જયાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મ થયો તે સંકુલમાંજ શાહી ઈદગાહ મસ્જીદ આવી છે.

માનવામાં આવે છે કે, મોગલ શાસન સમય દરમ્યાન જેમ અયોધ્યામાં રામજન્મભૂમિ તોડી પાડી ત્યાં બાબરી મસ્જીદનું નિર્માણ કરાયુ હતું તે જ રીતે મથુરામાં પણ મંદિર સંકુલમાં મસ્જીદનું નિર્માણ થયું હતું. આમ આ વિવાદ લાંબા સમયથી ચાલે છે પણ હવે અયોધ્યા એજન્ડા સંપન્ન થતા જ હિન્દુવાદી સંગઠનો મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ મુક્ત કરાવવા માટેનો કાર્યક્રમ ઘડી કાઢશે. જો કે આરએસએસ અને જનસંઘ-ભાજપ જેનું અયોધ્યામાં મંદિર નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી તેના સતાવાર એજન્ડામાં કૃષ્ણ જન્મભૂમિ વિવાદ નથી પણ સંઘના વડા મોહન ભાગવતના એ વિધાન સૂચક છે કે સ્વયંસેવકોને 'વ્યક્તિગત' રીતે કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ આંદોલનમાં ભાગ લેવાથી દુર છે.

હાલમાંજ જાણીતા થયેલા બાબા બાગેશ્વર- ધીરેન્દ્ર શાસ્ત્રીએ દિલ્હીથી વૃંદાવનની પદયાત્રા કરી તે સૂચક છે. સંઘ-ભાજપ વૈચારિક રીતે કૃષ્ણ જન્મભૂમિ સાથે જોડાયેલા હોવાનું જણાવે છે પણ માનવામાં આવે છે કે ૨૦૨૭માં ઉતરપ્રદેશની ધારાસભા ચૂંટણી આવી રહી છે અને તે પુર્વે આ મુદો ચગાવી શકાય છે.

૭૬મો બંધારણ દિવસઃ સંસદમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

દેશ આજે ૭૬મો બંધારણ દિવસ ઉજવી રહ્યો છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હૉલમાં ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગ્યાથી આયોજિત આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, તમામ કેન્દ્રીય મંત્રી અને બંને ગૃહના સાંસદોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ૯ ભાષાઓમાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતિએ ડિજિટલ રૂપે મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમ જેવી ૯ ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું. તેમણે કહ્યું કે, આજના દિવસે આખો દેશ બંધારણના નિર્માતાઓ પ્રતિ આદર વ્યક્ત કરે છે. હું બંધારણ દિવસના આ ઐતિહાસિક અવસર પર તમારી વચ્ચે ઉપસ્થિત રહીને ખૂબ પ્રસન્નતા અનુભવું છું. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના દિવસે બંધારણ ભવનના આ કેન્દ્રીય કક્ષમાં બંધારણ સભાના સભ્યોને ભારતના બંધારણના ડ્રાફ્ટને તૈયાર કરવાનું કાર્ય પૂર્ણ કર્યું હતું. તે જ વર્ષે આપણે- ભારતના લોકોએ- આપણા બંધારણને અપનાવ્યું હતું.

સંસદના સેન્ટ્રલ હૉલમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંધારણના આમુખનું વાંચન કર્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રગાનનું ગાવામાં આવ્યું. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ સી.પી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અધ્યક્ષ ઓમ બિરલા, સંસદીય કાર્ય મંત્રી સહિત તમામ અતિથિ હાજર રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી રાધાકૃષ્ણને આ કાર્યક્રમમાં કહ્યું કે, આ એ દેશવાસીઓની સામૂહિક બુદ્ધિમત્તા, ત્યાગ અને સપનાનું પ્રતીક છે. જેણે સ્વાતંત્ર્યની લડાઈ લડી હતી. મહાન વિદ્વાનો, ડ્રાફ્ટિંગ કમિટિ અને બંધારણ સભાના સભ્યોએ કરોડો ભારતીયોની આશા અને આકાંક્ષાઓને પૂરી કરવા માટે ઊંડા અને દૂરદર્શી વિચાર આપ્યા. તેમના નિઃસ્વાર્થ યોગદાને ભારતને આજે દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર બનાવ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર કર્યા બાદ ૨૦૨૪માં આયોજિત ચૂંટણીમાં મોટી સંખ્યામાં થયેલા મતદાને એકવાર ફરી આપણા લોકતંત્રનો વિશ્વાસ દર્શાવ્યો છે. હાલમાં જ થયેલી બિહાર ચૂંટણીમાં ખાસ કરીને મહિલાઓનો ભારે ઉત્સાહ મોટી સંખ્યમાં મતદાને લોકતંત્રના મુગટમાં એક અનમોલ હીરો જડી દીધો છે.

કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન નિશ્ચિતઃ ડી.કે.શિવકુમાર નવા મુખ્યમંત્રી બનશે તેવા સંકેત

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારમાં હવે નેતૃત્વ પરિવર્તન નિશ્ચિત બની ગયુ છે અને હાલના નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર નવા મુખ્યમંત્રી બનશે તેવા સંકેત છે. છેલ્લા એક સપ્તાહથી બેંગલુરૂ-દિલ્હી વચ્ચે જે રાજકીય ધમધમાટ સર્જાયા તેમાં હવે કોંગ્રેસ મોવડીમંડળે 'સિક્રેટ-ડીલ' ને સન્માન આપવા નિર્ણય લઈ લીધો હોવાનું માનવામાં આવે છે.

જે મુજબ રાજયમાં પાંચ વર્ષના શાસનમાં અઢી-અઢી વર્ષ સિદ્ધરમૈયા અને ડી.કે.શિવકુમાર મુખ્યમંત્રી રહેશે. તા.૨૦ નવે.ના સિદ્ધરમૈયાએ મુખ્યમંત્રીપદના અઢી વર્ષ પુરા કરતા હવે ખુરશી ખાલી કરવા માટે તેને કોંગ્રેસ મોવડીમંડળ જણાવશે. ડી.કે.શિવકુમારના ટેકેદાર ધારાસભ્યોએ દિલ્હીમાં પડાવ નાખી કોંગ્રેસ મોવડીમંડળ પર જબરૂ દબાણ લાવ્યુ છે. પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે એ પણ સંકેત આપ્યો હતો કે મોવડીમંડળ નિર્ણય લેશે. કોંગ્રેસને ડર છે કે હવે જો શિવકુમારને મુખ્યમંત્રી બનાવાશે નહી તો રાજસ્થાન અને મધ્યપ્રદેશવાળી થઈ શકે છે.

સાઉથ આફ્રિકા સામે ભારતની શરમજનક હાર

સા. આફ્રિકાએ ભારતનો તેના ઘરમાં ૨૫ વર્ષ પછી વ્હાઈટ વોશ કર્યો, રેકોર્ડ ૪૦૮ રનના તોતિંગ માર્જિનથી હરાવ્યા

મુખ્ય સમાચાર, ગુવાહાટી

સાઉથ આફ્રિકાએ ગુવાહાટી ટેસ્ટમાં ભારતને ૪૦૮ રનથી હરાવી દીધું છે. ટીમે ભારતને કોલકાતા ટેસ્ટમાં પણ ૩૦ રનથી હરાવ્યું હતું. સાઉથ આફ્રિકાએ ૨૫ વર્ષ પછી ભારતને તેના ઘરમાં ક્લીન સ્વીપ કર્યું છે. આ પહેલાં વર્ષ ૨૦૦૦માં બે ટેસ્ટ મેચની સિરીઝમાં ૨-૦ થી હરાવ્યું હતું.

બરસાપારા સ્ટેડિયમમાં બુધવારે ૫૪૯ રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ભારતીય ટીમ ૧૪૦ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ. ભારત તરફથી બીજી ઈનિંગ્સમાં રવીન્દ્ર જાડેજાએ સૌથી વધુ ૫૪ રન બનાવ્યા. સાઉથ આફ્રિકા તરફથી સાયમન હાર્મરે સૌથી વધુ ૬ વિકેટ લીધી.

સાઉથ આફ્રિકાએ ચોથા દિવસે મંગળવારે પોતાની બીજી ઈનિંગ્સ ૨૬૦/૫ ના સ્કોર પર ડિક્લેર કરી દીધી હતી. સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને પહેલી ઈનિંગ્સમાં ૪૮૯ રન બનાવ્યા હતા. જવાબમાં ભારતની પહેલી ઈનિંગ્સ ૨૦૧ રન પર સમેટાઈ ગઈ હતી. આ રીતે ભારતને ટેસ્ટ જીતવા માટે ૫૪૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો. સાઉથ આફ્રિકાના સ્પિનર સાયમન હાર્મરને પ્લેયર ઑફ ધ સિરીઝ તરીકે પસંદ કર્યો. તેણે ૨ મેચની સિરીઝમાં ૧૭ વિકેટ લીધી.

સાઉથ આફ્રિકાના ઝડપી બોલર માર્કો યાન્સેનને પ્લેયર ઑફ ધ મેચ તરીકે પસંદ કર્યો. તેણે આ મેચની પહેલી ઈનિંગમાં ૯૩ રન બનાવ્યા અને ૪૮ રન આપીને ૬ વિકેટ ઝડપી. યાન્સેને બીજી ઈનિંગમાં પણ એક વિકેટ લીધી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન સાઉથ આફ્રિકાએ ભારતને બીજી ઈનિંગ્સમાં ૧૪૦ રન પર સમેટી દીધું અને ૪૦૮ રનથી જીત નોંધાવી.

આ ભારતની ઓવરઓલ ટેસ્ટમાં અને ઘરઆંગણે રનના અંતરથી સૌથી મોટી હાર છે. આ પહેલાં ટીમ ઈન્ડિયાને ૨૦૦૪માં ઓસ્ટ્રેલિયાએ નાગપુરમાં ૩૪૨ રનથી હરાવ્યું હતું.

માર્કરમે કહ્યું, ''આ ખૂબ સારું લાગી રહ્યું છે. બધા ખેલાડીઓએ ઉત્તમ પ્રયાસ કર્યો છે. ભારત આવવું સહેલું હોતું નથી, ખાસ કરીને વિદેશી ટીમ માટે મુશ્કેલ પરિસ્થિતિઓમાં રમવું હંમેશા પડકારજનક રહે છે. એક ગ્રુપ તરીકે તમને આ વાતનો ભરોસો હોવો જોઈએ કે તમે તેમના ઘરમાં દુનિયાની શ્રેષ્ઠ ટીમનો સામનો કરી શકો છો.'' ''વચ્ચે કેટલાક સારા નસીબવાળા પળો પણ મળ્યા, અને મને આખી ટીમ પર ગર્વ અનુભવાય છે.''

મોહમ્મદ સિરાજને કેશવ મહારાજે માર્કો યાન્સેનના હાથે કેચ કરાવ્યો. આ સાથે જ ભારત બીજી ઈનિંગ્સમાં ઓલઆઉટ થઈ ગયું. મહારાજે આ જ ઓવરના પહેલા બોલ પર જાડેજાને આઉટ કર્યો હતો. આ હાર સાથે સાઉથ આફ્રિકાએ ભારતને ગુવાહાટી ટેસ્ટમાં ૪૦૮ રનથી હરાવી દીધું છે.

આવકવેરા વિભાગે ચકાસણી વધુ સઘન બનાવતા રીફંડમાં વિલંબ

મુખ્ય સમાચાર, અમદાવાદ

ગુજરાતના કરદાતાઓને આવકવેરા રિફંડ મળવામાં ચાલુ વર્ષે ઢીલ થઈ રહી છે. કરદાતાઓએ મોટી રકમના અને અસામાન્ય કરમુકિતદાવા કર્યા હોવાથી તંત્ર દ્વારા ચકાસણી (સ્ક્રુટીની) વધુ સઘન બનાવાતા રિટર્નમાં વિલંબ હોવાના નિર્દેશ છે. આવકવેરા વિભાગનાં સુત્રોએ જણાવ્યું હતું કે નાની રકમનાં રીફંડનું પ્રોસેસીંગ સામાન્ય રીતે જ થઈ રહ્યું છે. પરંતુ તંત્રના ધ્યાને એવા અનેક કિસ્સા આવ્યા છે. જેમાં કરદાતા દ્વારા મોટી રકમની કર છૂટછાટના દાવા રજુ કર્યા છે. અને તેના રીફંડ માંગ્યા છે. રીફંડના આ દાવા તથા કરમુકિતની બાબતો શંકાસ્પદ માલુમ પડતા રીફંડ દાવા માટેની સ્ક્રુટીની વધુ સઘન બનાવવામાં આવી છે. આવકવેરા વિભાગનાં એક સીનીયર અધિકારીએ જણાવ્યુ હતું કે દેશભરમાં આવકવેરા રીટર્નમાં અયોગ્ય કરમુકિત માગતા અને વધુ ઉંચા રીફંડના દાવાના કિસ્સા વધી ગયા છે અને તેને પગલે જોખમ આધારીત સ્ક્રુટીની મોડેલ અપનાવવામાં આવ્યું છે. રાજકોટ, અમદાવાદ,સુરત જેવા મોટા શહેરોમાં અનેક કિસ્સામાં ધરખમ મકાનભાડા તબીબી ખર્ચ, કેપીટલ ગેઈન ડીડકશન દર્શાવવામાં આવ્યા છે જે શંકાસ્પદ માલુમ પડતા રી-વેરીફીકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયા લાંબી ચાલતી હોય છે. અને તેને કારણે રિફંડમાં વિલંબ છે.

રાજકોટ સહિત અનેક સ્થળોએ વાતાવરણમાં છવાઈ ધૂમ્મસ

હાઈવે પર વીઝીબીલીટી ઘટતા વાહન ચાલકોને મુશ્કેલી

મુખ્ય સમાચાર, રાજકોટ

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીનાં ઘટાડા વચ્ચે આજરોજ ફરી હવામાન પલ્ટો સર્જાયો હતો.અને વ્હેલી સવારથી મોડી સવાર સુધી રાજકોટ સહિત અનેક સ્થળોએ ગાંઢ ધૂમ્મસ છવાયું હતું.સવારે મોડે સુધી ધૂમ્મસ છવાયેલું રહેતા ધાબડ જેવું વાતાવરણ જોવા મળેલ હતું.

ખાસ કરીને હાઈવે ઉપર વિઝીબિલીટી ઘટી જતા વાહન ચાલકોને પણ ભારે મુશ્કેલી પડી હતી.દરમ્યાન આજે પણ રાજકોટ સહિત મોટા ભાગનાં સ્થળોએ ૨ થી ૪ ડિગ્રી, ઠંડી ઘટી જવા પામી હતી

આજે સવારે રાજકોટમાં ૧૫ ડિગ્રી વેરાવળમાં ૧૯.૭, પોરબંદરમાં ૧૬.૪, નલિયામાં ૧૨, કંડલામાં ૧૭.૨, ભૂજમાં ૧૫.૪, ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

આ ઉપરાંત આજે સવારે અમદાવાદમાં ૧૮.૩, વડોદરામાં ૧૯.૮, ભાવનગરમાં ૧૯, દમણમાં ૨૧.૮, ડિસામાં ૧૬.૪, દિવમાં ૧૭, દ્વારકામાં ૧૯.૪, અને ગાંધીનગરમાં ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

ઉલ્લેખનિય છે કે આજે પવનની દિશા બદલાઈ છે આથી રાજકોટ સહિત છ સ્થળોએ ૮૦ ટકાથી વધુ ભેજ સવારે નોંધાતા ઠેર-ઠેર ધૂમ્મસ છવાયું હતું.જયારે ગોહિલવાડ પંથકમાં આજે બુધવારે લઘુતમ તાપમાન ૧૯.૦ ડિગ્રી નોંધાયુ હતું. સવારે વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૭૬% રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૮ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી.

સવારે શહેરમાં ધુમ્મસ જોવા મળ્યું હતું.ઉપરાંત જામનગર શહેરમાં શિયાળાય ધીમે ધીમે ધીમે હવે રફતાર પકડી છે જેને પગલે તાપમાનનો પારો સતત નીચે સરખી રહ્યો છે જેને પગલે છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનો પારો ૧૪ ડિગ્રીની લઘુતમ તાપમાન રહ્યા પછી ૧૫ ડિગ્રી પારો પહોંચ્યો હતો.જેના લીધે ઠડીમાં શહેરીજનોએ થોડી રાહત મળી છે. તેની સાથે મહતમ તાપમાન ૩૦ ડિગ્રીની આસપાસ રહે છે.

મુસ્લીમ પતિ પોતાની પહેલી પત્નીને ભરણ પોષણ આપવાનો ઈન્કાર ન કરી શકે

કેરળ હાઈકોર્ટે પર્સનલ લોનો હવાલો આપી ચુકાદો આપ્યો

મુખ્ય સમાચાર, તિરૂવનંથપુરમ

કેરળ હાઈકોર્ટે હાલમાં જ એક મહત્વના ફેસલામાં સ્પષ્ટ કર્યું હતું કે એક મુસ્લિમ પતિ પોતાની પહેલી પત્નીને ભરણ પોષણ આપવાનો માત્ર એ આધાર પર ઈનકાર ન કરી શકે કે તેની બીજી પત્ની પણ છે અથવા તેનો દીકરો પહેલી પત્નીને આર્થિક મદદ કરી રહ્યો છે.

અદાલતે કહ્યું હતું કે મુસ્લિમ પર્સનલ લો અંતર્ગત બહુ વિવાહની મંજૂરી તો છે, પરંતુ આ માત્ર અસાધારણ પરિસ્થિતિઓમાં જ સંભવ છે અને પતિએ બધી પત્નીઓ સાથે સમાન અને ન્યાયપૂર્ણ વ્યવહાર કરવો પડશે.

બાર એન્ડ બેન્ચના રિપોર્ટ મુજબ ન્યાયમૂર્તિ કૌસર અંડપ્પગથે પોતાના ફેસલામાં ટિપ્પણી કરી

હતી કે મુસ્લિમ કાનૂન મુજબ એકથી વધુ વિવાહ કોઈ અધિકાર નથી બલકે એક અપવાદ છે. વિવ-ાહમાં બરાબરીનો અર્થ માત્ર ભાવનાત્મક નહીં, બલકે આર્થિક સમાનતા પણ છે. જો કોઈ વ્યકિત બધી પત્નીઓ સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરવામાં સક્ષમ નથી તો તેણે એક જ લગ્ન કરવા જોઈએ-આ વાત કુરાનની આયાત (૪:૩)માં પણ સ્પષ્ટ છે.

અદાલતે કહ્યું હતું કે જો કોઈ પતિ પોતાની પ્રથમ પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરે છે તો તે પોતાની પહેલી પત્નીને આર્થિક સહાયતા ન આપવાનો તર્ક બીજી પત્નીની જવાબદારીના આધાર પર નથી દઈ શકતો. અદાલતના મુજબ બીજી પત્નીનું હોવું પહેલી પત્નીના ભરણ પોષણની જવાબદારીને ઓછી કે ખતમ નથી કરી શકતી.

ઉલ્લેખનીય છે કે, પહેલી પત્નીએ વર્ષ ૨૦૧૬માં ભરણપોષણની અરજી દાખલ કરી હતી. જેનું કહેવું હતું કે તેને કોઈ રોજગાર નથી અને પતિએ ખાડી દેશોમાં ૪૦ વર્ષથી વધુ સમય સુધી કામ કર્યું છે એટલે તેની પાસે પર્યાપ્ત ધન છે.

ફેમિલી કોર્ટે પતિને મહિને ૫૦૦૦ રૂપિયાનું ભરણપોષણ આપવાનો આદેશ કર્યો હતો. જેની સામે પતિએ હાઈકોર્ટમાં ધા નાખી હતી. હાઈકોર્ટે પતિની અરજી ફગાવી દીધી હતી.

જામનગર શહેરમા સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઇવ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જીલ્લા પોલીસ પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ જામનગર જીલ્લાના માથાભારે, હિસ્ટ્રીશીટ, પ્રોહીબ્યુટલેગર્સ, જાણીતા જુગારીઓ, મિલકત સબંધી ગુનાના એમ.સી.આર ઇસમો ચેક- ૬૩.માથાભારે ઇસમો ચેક -૧૨ અસામાજીક ઇસમો ચેક-૦૭.ટપોરી ઇસમ ચેક-૦૪.પ્રોહી બુટલેગર્સ.પ્રોહી ધંધાર્થી ચેક-૩૨ જાણીતા જુગારી.ધંધાર્થી ચેક-૧૪ અવાવરૂ જગ્યા તથા ઝુપડપટ્ટી ચેક-૦૪ વાહન ચેક-૧૭૮.હોટલ ધાબા.ધાર્મિક સ્થળ ચેક-૧૯.નાયબ પોલીસ અધિક્ષકશ્રી જયવિરસિંહ ઝાલાના સુપરવિઝન હેઠળ, કરવામા આવેલ.સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઇવ.કામગીરી.પ્રો હીબીશન ના કેસો.૩૫.હથિયારધારા ના કેસો.જી.પી.એકટ-૧૩૫.કેસ-૦૬ મિલ્કત સબંધી ગુનાના એમ.સી.આર ઇસમો ચેક- ૬૩.માથાભારે ઇસમો ચેક -૧૨ અસામાજીક ઇસમો ચેક-૦૭.ટપોરી ઇસમ ચેક-૦૪.પ્રોહી બુટલેગર્સ.પ્રોહી ધંધાર્થી ચેક-૩૨ જાણીતા જુગારી.ધંધાર્થી ચેક-૧૪ અવાવરૂ જગ્યા તથા ઝુપડપટ્ટી ચેક-૦૪ વાહન ચેક-૧૭૮.હોટલ ધાબા.ધાર્મિક સ્થળ ચેક-૧૯.નાયબ પોલીસ અધિક્ષકશ્રી જયવિરસિંહ ઝાલાના સુપરવિઝન હેઠળ, એલ.સી.બી.પો.ઈન્સ.વી.એમ.લગાર ધ્યા,તથા સીટી સી પો.સ્ટે. પો.ઈન્સ.એન.બી.ડાભી, સીટી એ પો.સ્ટે પો.ઈન્સ.એન.એ.ચાવડા તથા સીટી બી ડીવી પો.ઈન્સ. પી.પી.ઝા,તથા બેડી મરીન પો.સ્ટેના પો.ઈન્સ.વી.બી.ચૌધરી તથા મહિલા પો.સ્ટે પો.ઈન્સ. એ.કે.પટેલ તથા એસ.ઓ.જી પો.સબ ઈન્સ તથા એલ.સી.બી. એસ.ઓ.જી સ્ટાફ તથા ડોગસ્કોડ સાથે આ કાર્યવાહીમા પો.ઈન્સ-૦૬,પો.સબ ઈન્સ-૧૫,આશરે ૧૫૦ પોલીસ સ્ટાફ. ડોગસ્કોડ દ્વારા કાર્યવાહી કરવામા આવેલ છે.

જામનગર NCC કેડેટ્સે પ્રથમ વખત આગ્રામાં પેરાશેઇલિંગ તાલીમ લીધી

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના આર્મી અને નેવી કેડેટ્સે તાજેતરમાં આગ્રામાં આર્મી પેરા ટ્રેનિંગ સ્કૂલ ખાતે પેરાશેઇલિંગની તાલીમ લીધી હતી. આ તાલીમ સોપ્રથમ વખત યોજાઈ હતી, જેનો ઉદ્દેશ્ય કેડેટ્સમાં સાહસિકતા, સતર્કતા, શિસ્ત અને નેતૃત્વના ગુણો વિકસાવવાનો હતો.આ તાલીમમાં કેડેટ્સે પેરાજમ્પિંગનો અનુભવ મેળવ્યો હતો.

તેમને AN-32 હવાઈ જહાજ દ્વારા ૧૫૦૦ ફૂટની ઊંચાઈએથી કૂદવાની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. આ તાલીમ ૫ નવેમ્બરથી ૨૪ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાઈ હતી. તેમાં ભુજની ૩૬ એનસીસી બટાલિયનના કેડેટ આંધ્રેજા અમાનત, ૫ નેવલ યુનિટના કેડેટ જય અને ગાંધીધામના ૬ નેવલ યુનિટના કેડેટ હેમા શર્માએ ભાગ લીધો હતો.

જામનગરમાં સારવાર લઈ રહેલી મહિલા બીએલઓની ખબરઅંતર પુછવા અધિકારીઓ પહોંચ્યા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર રાજ્યનું વહીવટી તંત્ર માત્ર નિયમો અને કાયદાઓ પૂરતું સીમિત ન રહેતાં પોતાના કર્મચારીઓની સંવેદના પ્રત્યે પણ એટલું જ જાગૃત છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જામનગર ખાતે જોવા મળ્યું છે. શહેરની મસીતિયા વાડી શાળા નં. ૨ માં બૂથ લેવલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં હિરલબેન ત્રિવેદીની ઓચિંતી તબિયત લથડતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે જી.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ વાતની જાણ થતાં જ તેમના મતદાર નોંધણી અધિકારી તેમજ જિલ્લા પુરવઠા અધિકારી સુધીર બારડ સંવેદનાસભર અભિગમ સાથે તુરંત જ હોસ્પિટલ પહોંચ્યા હતા. સુધીર બારડે હોસ્પિટલ પહોંચીને

હિરલબેન ત્રિવેદીના ખબર-અંતર પૂછ્યા હતા અને તેમના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવી હતી. આ સાથે જ તેમણે હોસ્પિટલના વરિષ્ઠ અધિકારીઓને પણ હિરલબેનની સારવારમાં ખાસ કાળજી લેવા અંગે જાણ કરી હતી.અધિકારી દ્વારા પોતાની સાથે જોડાયેલા કર્મી પ્રત્યે દર્શાવવામાં આવેલી આ પોતીકાપણાની ભાવના અને સંવેદનાસભર કાળજીએ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અધિકારીના આ માનવીય અભિગમ બદલ, હિરલબેનના પરિવારજનોએ વહીવટી તંત્ર પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને ખુશીની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વહીવટી તંત્રની આ સંવેદના કર્મચારીઓનો મનોબળ વધારનારી છે.

ઉનાના ભાચા ગામે ચેકડેમ ની અંદર જંગલી નીલ ગાયનું મૃતદે મળી આવતા વન વિભાગ ઉંધા માથે

મુખ્ય સમાચાર, ઉના અહેવાલ – અબ્દુલ પઠાણ

ઉના તાલુકાના ભાચા ગામે પ્રાથમિક સ્કૂલની બાજુમાં આવેલ એક ચેકડેમની અંદર જંગલી નીલ ગાયનું મૃતદેહ મળી આવ્યું. જેમાં ગ્રામજનોએ ફોરેસ્ટ વિભાગને જાણકારી ફોરેસ્ટ વિભાગ ફોરેસ્ટ ઘટના સ્થળે દોડી આવ્યું ફોરેસ્ટ વિભાગના અધિકારી વીરાભાઈ ચાવડા અને તેની ટીમ ત્યાં પહોંચી જ્યારે જંગલી નીલ ગાયનું મોત કારણ અકબંધ જ્યારે વાડી વિસ્તારોમાં સૌ સર્કિટ તે મોત થયું હોય અને તે તેને ઉમેમાં નાખી દીધું હોય એવું પણ હાલ જોવાઈ રહ્યું છે અને લોકોમાં ચર્ચા નો વિષય બન્યો છે

૧૫ વર્ષથી નાસતા ફરતા અપહરણના વોન્ટેડ આરોપીની AHTU ટીમ દ્વારા ધરપકડ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ પોલીસ મથકે નોંધાયેલા વર્ષ ૨૦૧૦ના અપહરણ કેસમાં છેલ્લા ૧૫ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબી જીલ્લા પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ટીમે પૂર્વ બાતમીને આધારે જૂની પીપળી ગામથી ઝડપી લેવાના આવ્યો છે, આ સાથે આરોપી તથા ભોગ બનનાર બંનેને હસ્તગત કરી હળવદ પોલીસને સોંપવામાં આવ્યા છે.

મોરબી જીલ્લામાં ગુમ થયેલા બાળકો, અપહરણ તેમજ સ્ત્રી અત્યાચારના ગુનાઓમાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપવા

માટે જીલ્લા પોલીસવડા મુકેશકુમારના માર્ગદર્શન હેઠળ AHTU ટીમ સતત પ્રયત્નશીલ હોય તે દરમિયાન હળવદ પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૦માં નોંધાયેલ સગીરાના અપહરણના ગુનામાં આરોપી બળદેવભાઈ લાભુભાઈ રાજપરા, મુળ ગોલાસણ (હળવદ) તથા હાલ જુની પીપળી મોરબી વાળો છેલ્લા ૧૫ વરસી નાસતો ફરતો હોય, ત્યારે મોરબી AHTU ટીમને ખાનગીરાહે માહિતી મળી હતી કે આરોપી તથા ભોગ બનનાર બંને જુની પીપળી ગામે હાજર છે. જેથી તુરંત AHTU PI એમ.બી.મિસ્ત્રી સહિતની ટીમે સ્થળ પર પહોંચી આરોપીને કબજે કર્યો. સાથે જ ભોગ બનનારને પણ હસ્તગત કરી આગળની કાયદેસર કાર્યવાહી માટે હળવદ પોલીસ મથકે સોંપી આપવામાં આવ્યા હતા.

મોરબીમાં ડૉ. હસ્તલેખા મહેતા દ્વારા બે આરોગ્ય કેમ્પમાં ૧૨૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી ધન્વંતરી ભવન, કાયાજી પ્લોટ ખાતે ડૉ. હસ્તલેખા મહેતા (હસ્તીબેન) દ્વારા ૨૩ નવેમ્બરે બે આરોગ્ય કેમ્પ યોજાયા હતા. દાતા દર્શક હરકિશનભાઈ પારેખ અને માતુશ્રી રમીલાબેન પારેખની પુનીત યાદમાં તથા સ્વ.અનેરી રાજેશભાઈ શાહની સ્મૃતિમાં આયોજિત આ કેમ્પમાં ૧૨૦થી વધુ દર્દીઓએ ઇસીજી, બ્લડ સુગર ચેકઅપ, વજન-ઊંચાઈ માપન અને કાંસ્ય થેરાપી સહિતની સારવારનો નિશુલ્ક લાભ મેળવ્યો હતો.

મોરબીના કાયાજી પ્લોટ સ્થિત ધન્વંતરી ભવન ખાતે ૨૩/૧૧/૨૦૨૫ ના રોજ ડૉ. હસ્તલેખા મહેતા (હસ્તીબેન) દ્વારા બે વિશેષ આરોગ્ય નિદાન કેમ્પો જેમાં કેમ્પ નં. ૧૯૭/૧૯૮નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના દાતા દર્શક હરકિશનભાઈ પારેખ અને માતુશ્રી રમીલાબેન હરકિશનભાઈ

પારેખની પવિત્ર સ્મૃતિમાં તથા સ્વ.અનેરી રાજેશભાઈ શાહની યાદમાં કરવામાં આવ્યા હતા. આરોગ્ય સેવાઓને વધુ લોકો સુધી પહોંચાડવાના હેતુથી યોજવેલા આ કેમ્પમાં રાજકોટની જાણીતી સ્ટર્લિંગ હોસ્પિટલની ટીમ દ્વારા ઇસીજી, બ્લડ સુગર ટેસ્ટ, વજન અને ઊંચાઈની તપાસ મફતમાં કરવામાં આવી હતી. સાથે જ ભાડલા ગામના જાણીતા કાંસ્ય થેરાપી નિષ્ણાત મનસુખભાઈ સરવૈયા દ્વારા નિશુલ્ક કાંસ્ય થેરાપી સેવા આપવામાં આવી, જે દર્દીઓએ ખુબજ વખાણી હતી. કેમ્પ દરમિયાન એક સદગૃહસ્થ દ્વારા ૧૦ દિવસની કાંસ્ય થેરાપી ફક્ત રૂ.૫૦૦માં ઉપલબ્ધ કરાવવાની જાહેરાત થતા જ ૨૦ થી વધુ દર્દીઓએ નોંધણી કરાવી હતી. આ આરોગ્ય સેવા શિબિરમાં ૧૨૦થી વધુ દર્દીઓએ વિવિધ તપાસો અને થેરાપીનો લાભ લીધો હતો. કેમ્પને સફળ બનાવવા માટે પ્રમુખ બીપીનભાઈ લહેરુ દ્વારા વિશેષ જહેમત લેવામાં આવી હતી. કેમ્પ સહાયક તરીકે ચંદ્રલેખાબેન મહેતા, દર્શનબેન ત્રિવેદી, કૌશિકાબેન રાવલ, નિવેદિતા શાસ્ત્રી અને રુચિતા પંડ્યાએ ફરજ બજાવી હતી, જેમની કામગીરીને આયોજકો દ્વારા બિરદાવવામાં આવી હતી.

ટંકારા તાલુકામાં સ્ટેટ હાઈવેથી ધ્રોલિયાને જોડતા એપ્રોચ રોડનું રીસર્ફેસિંગ કામ પ્રગતિ હેઠળ

રોડના નવીનીકરણથી ધ્રોલિયા ગામને સુવિધાસભર પરિવહન સુવિધા સુલભ બનશે

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી જીલ્લામાં રોડ રસ્તા સુધારણા કામગીરીના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના ટંકારા તાલુકાના ધ્રોલિયા ગામથી સ્ટેટ હાઈવે એપ્રોચ રોડની રીસર્ફેસિંગ કામગીરી પ્રગતિ હેઠળ છે. ટૂંક સમયમાં આ રોડના નવીનીકરણની કામગીરી પૂર્ણ થતા ગ્રામ્ય લોકોને સુવિધાસભર પરિવહન સેવા પ્રાપ્ત થશે. મોરબી જીલ્લામાં હાલ અનેક રોડ રસ્તાના નવીનીકરણની કામગીરી માર્ગ અને મકાન વિભાગ પંચાયત અને સ્ટેટ દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે ટંકારા તાલુકામાં ધ્રોલિયા ગામથી સ્ટેટ હાઈવેને જોડતા ગ્રામ્ય માર્ગનું નવીનીકરણ કામ હાથ ધરવામાં આવ્યું છે. આ રોડની નિયત સમયમર્યાદા પૂર્ણ થતા સરકારની મંજૂરી બાદ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના આ રોડ પર ડામરના નિયત સ્તર સાથે નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે જે કામગીરી એક સમાહની અંદર પૂર્ણ થઈ જશે જેથી ટૂંક જ સમયમાં ગ્રામજનોને સુવિધાસભર પરિવહનનો લાભ મળશે.

મોરબી મનપા દ્વારા શાળા-હોસ્પિટલોની સુરક્ષા ચકાસણી ૨૪૬માંથી ૧૬૩ સંસ્થાની મુલાકાત પૂર્ણ

મુખ્ય સમાચાર, મોરબી

રાજ્ય સરકારની SOP અનુસાર મોરબી મહાનગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનિંગ અને ફાયર વિભાગે સુરક્ષિત અને સુવ્યવસ્થિત શહેરી વિકાસના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શહેરની શાળા અને હોસ્પિટલોમાં સુરક્ષા ઘોરણોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં ૧૪૬ શાળામાંથી ૧૦૦ તથા ૧૩૧ હોસ્પિટલમાંથી ૯૩ની તપાસ પૂર્ણ કરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગ દ્વારા રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા માર્ગદર્શિત SOP મુજબ શહેરની સુરક્ષા અને નાગરિક સુખાકારીને પ્રાથમિકતા આપતા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત શહેરની ૧૪૬ શાળામાંથી ૧૦૦ શાળાઓ તથા ૧૩૧ હોસ્પિટલમાંથી ૯૩ હોસ્પિટલોની સ્થળ મુલાકાત પૂર્ણ કરવામાં આવી છે. બાકી સંસ્થાઓની મુલાકાતો આવનારા દિવસોમાં આયોજનબદ્ધ રીતે કરવામાં આવશે. વિઝીટર દરમિયાન ખાસ કરીને શૈક્ષણિક અને આરોગ્ય સંસ્થાઓમાં મૂળભૂત સુરક્ષા માપદંડો, પરિસરની વ્યવસ્થા, સ્વચ્છતા અને ગોઠવણ, એન્ટ્રી તથા એક્ઝિટ પોઇન્ટ્સ, અગ્નિશામક સાધનોની ઉપલબ્ધતા અને કાર્યક્ષમતા, બાંધકામ પરવાનગી, માળખાકીય દસ્તાવેજો તથા નકશાની અનુરૂપતા તથા અન્ય જરૂરી તકનીકી અને કાનૂની માપદંડોની વિગતવાર ચકાસણી કરવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે કે આ કાર્યવાહીનો પ્રાથમિક હેતુ નાગરિકોની સુરક્ષાને મજબૂત બનાવવાનો છે. સાથે જ શહેરમાં સુવ્યવસ્થિત શહેરી વિકાસ અને જવાબદાર સંસ્થા સંચાલન સુનિશ્ચિત કરવાનો છે, અને આવનારા દિવસોમાં વધુ એસેમ્બલી બિલ્ડિંગ્સની પણ ચકાસણીઓ કરવામાં આવશે અને રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ આગામી પગલાં લેવાશે તેમ પાદીમાં જણાવવામાં આવ્યું છે.

રાજપૂત કરણી સેના, ધ્રોલ ભયાત અને છાત્રાલયની સંયુક્ત પહેલઃ કાઠી અને રાજપૂત સમાજના યુવાનોને તાલીમ શિબિરમાં જોડાવા આહવાન

મુખ્ય સમાચાર, મોરબી

રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા, પ્રદેશ અધ્યક્ષ વી.એસ. જોઝા તથા શિક્ષણ ક્રાંતિના અગ્રદૂત પ્રવીણસિંહ ઝાલા સાદુરકાના માર્ગદર્શન હેઠળ ધ્રોલ દીપસિંહજી રાજપૂત છાત્રાલય અને ધ્રોલ ભાયાત દ્વારા ૨૧ દિવસીય વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ ભરતી, સંરક્ષણ સેવા તેમજ 'અગ્નિવીર' જેવી સ્પર્ધાત્મક સેવાઓમાં જોડાવા ઇચ્છુક યુવાનોને આ શિબિરમાં જોડાવા માટે વિશેષ આહવાન કરવામાં આવ્યું છે.

ધ્રોલ દીપસિંહજી રાજપૂત છાત્રાલય તેમજ ધ્રોલ ભાયાત અને રાજપૂત કરણી સેના દ્વારા યુવાનોના શારીરિક તથા શૈક્ષણિક વિકાસને ધ્યાને રાખીને ૨૧ દિવસીય વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર ખાસ કરીને કેન્દ્ર અથવા રાજ્ય સરકારની સંરક્ષણ સેવાઓ, રાજ્ય પોલીસ ભરતી, તેમજ અગ્નિવીર યોજનામાં જોડાવા ઇચ્છુક યુવાનો માટે અત્યંત લાભદાયક સાબિત થશે. આશાવાન યુવાનોમાં જાગૃતિ લાવવા અને સમાજમાં વધુ યુવાનોને દેશની સેવામાં અને સરકારી સેવાઓમાં પ્રોત્સાહિત કરવા માટે રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા, પ્રદેશ અધ્યક્ષ વી.એસ. જોઝા, તથા સમાજના શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવનારા મહાનાયક પ્રવીણસિંહ ઝાલા સાદુરકા સાહેબે સંયુક્ત નિવેદન આપ્યું છે. તેઓએ સમગ્ર કાઠી સમાજ તથા રાજપૂત સમાજના યુવાનોને આ તાલીમ શિબિરમાં જોડાઈ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ કરવા તથા રાષ્ટ્રસેવામાં યોગદાન આપવા હાર્દિક આહવાન કર્યું છે.

શ્રીખોખરા હનુમાન હરિહરધામ ખાતે ૫ દિવસીય ભવ્ય ધર્મોત્સવઃ ધર્મપ્રેમીઓને આમંત્રણ પાઠવાયું

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી પરમ પૂજ્ય શ્રી કેશવાનંદ બાપુની અહૈતુક કૃપા તથા પરમ પૂજ્યા માં શ્રી કનકેશ્વરી દેવીજીની પ્રેરણાથી ભજનભૂમિ શ્રીખોખરા હનુમાન હરિહરધામ ખાતે ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર ૨૦૨૫ સુધી પંચમુખાત્મક શ્રીવિષ્ણુ મહાયજ્ઞ સહિતના વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સંતો અને આચાર્યોના પાવન સાનિધ્યમાં યોજનારા આ પવિત્ર ઉત્સવમાં સૌ ધર્મानુરાગીઓને ઉપસ્થિત રહેવા વિનમ્ર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મોરબીના બેલા-ભરતનગર સ્થિત ભજનભૂમિ શ્રીખોખરા હનુમાન હરિહરધામના પાવન પરિસરમાં પરમાત્મા પરમ પૂજ્ય શ્રી કેશવાનંદ બાપુની અહૈતુક કૃપા પ્રસાદ સ્વરૂપે તથા પરમ પૂજ્યા માં શ્રી કનકેશ્વરી દેવીજીની દિવ્ય પ્રેરણાથી પંચ દિવસીય ભવ્ય ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ માગશર સુદ નોમ, શુક્રવાર ૨૮ નવેમ્બર ૨૦૨૫ થી શરૂ થઈ, માગશર સુદ તેરસ, મંગળવાર ૨ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ધાર્મિક ભક્તિભાવના રંગે રંગાશે. સાધુ-સંતો, મહાત્માઓ તથા વિદ્વાન આચાર્યોના પાવન સાનિધ્યમાં યોજનારા આ ઉત્સવમાં વિવિધ ધાર્મિકવિધિઓ, ભજન, યજ્ઞ અને પ્રતિષ્ઠા વિધિઓ સહિતના ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે.

આ પાંચ દિવસીય કાર્યક્રમોની રૂપરેખા મુજબ, પંચમુખાત્મક શ્રીવિષ્ણુ મહાયજ્ઞ તા. ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી ધાર્મિક વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાયજ્ઞની પવિત્ર આગમાં આહુતિઓ અપાશે. સંતવાણી-ભજન સંધ્યા તા.૨૯ નવેમ્બર રાત્રે ૯.૩૦ વાગ્યે જેના કલાકાર પરસોત્તમપરી બાપુ તથા જયશ્રીદાસ માતાજી ભક્તિરસમય ભજનો અને સંતવાણીથી ભજનમય વાતાવરણ સર્જાશે. આ ઉપરાંત સંતોના આશીર્વાદ-ધર્મસભા તા. ૩૦ નવેમ્બર સવારે ૭ વાગ્યે જેમાં સાધુ-સંતોના ઉપદેશ, ધર્મબોધ અને આશીર્વાદનો કાર્યક્રમનું આયોજન કરાયું છે. જ્યારે નવગ્રહ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તથા ધ્વજારોહણ તા. ૩૦ નવેમ્બર બપોરે ૧૨ વાગ્યે સ્થળ પર નવનિર્મિત નવગ્રહ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ ધ્વજારોહણ પવિત્ર સ્થાપના કરવામાં આવશે. તા. ૨ ડિસેમ્બરે બપોરે ૧૨.૩૦ વાગ્યે મહાયજ્ઞ સંપન્ન પૂર્ણાહુતિ અને આશીર્વાદ વિધિ યોજાશે. આ ભવ્ય અને પવિત્ર ધર્મોત્સવમાં ઉપસ્થિત રહીને ધાર્મિક લાભ પ્રાપ્ત કરવા તમામ ધર્માનુરાગી ભક્તોને શ્રીખોખરા હનુમાન હરિહરધામ સેવા સમિતિ તથા સદગુરુ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

માળીયા(મી)ના નાના દહીંસરા ગામ નજીક ટેન્કરમાંથી ડીઝલ ચોરીનો પર્દાફાશ, એક ઇસમની અટક

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે મોરબી-નવલખી રોડ ઉપર નાના દહીંસરા ગામ નજીકથી ડીઝલ ચોરીનું કૌભાંડનો પર્દાફાશ કરી એક ઇસમને કુલ રૂ.૩૬.૬૫ લાખના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યો છે. આ સાથે માળીયા(મી) પોલીસે પકડાયેલ ઈસમ તેમજ તપાસમાં ખુલ્લે તે તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસવડા તથા નાયબ પોલીસ અધિક્ષક મોરબી વિભાગની સુચના મુજબ જીલ્લામાં બનતા ડીઝલ ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હાઓની પ્રવૃતિ પર અંકુશ રાખવા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હોય જે અનુસંધાને માળીયા(મી) પીએાઇના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ ટીમ કાર્યરત હોય જે દરમ્યાન સર્વેલન્સ ટીમને હકિકત મળેલ કે, માળીયા(મી) તાલુકાના મોરબી-નવલખી રોડ પાસે નાના દહીસરા ગામના ફાટક પાસે આવતા રોડની બાજુમા ખુલ્લા પ્લોટમા અમુક ઇસમો ટેન્કરમાંથી ડિઝલ ચોરી કરતા હોવાની બાતમીના આધારે, તે જગ્યાએ રેઇડ કરતા, જ્યાંથી અલગ અલગ બેરલમાં રહેલ ડિઝલ લીટર ૬૦૦ તથા એક ટેન્કર જેના રજી નં. જીજે-૩૬-ટી-૭૫૩૬ તથા ટેન્કરમા ભરેલ એચ.એફ.એચ.એસ.ડી ડીઝલ ૨૩,૬૦૦ લીટર મળી કુલ મુદ્દામાલ કિ. રૂ.૩૬,૬૫,૬૦૦/- સાથે આરોપી ઈમ્તીયાઝભાઇ સુલેમાનભાઇ ગજીયા જાતે વાઘેર રહે. જામનગર વાળાની અટક કરી છે. જ્યારે પકડાયેલ આરોપીની પુછતાછમાં અન્ય એક આરોપી હરદેવભાઇ રણાભાઇ છૈયા રહે. જશાપર તા.માળીયા(મી) વાળાનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી માળીયા(મી) પોલીસે ટાટા મોટર કંપનીનુ ટેન્કર તથા તેમા ભરેલ એચ.એફ.એચ.એસ.ડી ડીઝલ ૨૩,૬૦૦ લીટર જેની કિ.રૂ. ૩૬,૦૬,૦૦૦/-, પ્લા.ના ૨૦૦ લીટરની ક્ષમતાવાળા ભેરલ નંગ-૦૯ જેમાં એચ.એફ.એચ.એસ.ડી ડીઝલ. ભરેલ કુલ લીટર-૬૦૦ કી.રૂ.૫૪,૦૦૦/-, લોખંડના વાલ્વ વાળી નંળી નં-૦૩ ,રૂ.૬૦૦/- તથા મોબાઇલ નંગ-૦૧ કી.રૂ.કી.રૂ.૫,૦૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

ગીર સોમનાથ જિલ્લા પૂર્વ પ્રમુખ હરિભાઈ સોલંકીને ત્યાં રૂડો અવસર

લગ્ન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી

મુખ્ય સમાચાર, ઉના અહેવાલ – અબ્દુલ પઠાણ

ઉના તાલુકાના પૂર્વ આરોગ્ય સમિતિના ચેરમેન નવાબંદર જિલ્લા પંચાયત સદસ્ય હરિભાઈ બોઘાભાઈ સોલંકીને ત્યાં લગ્ન પ્રસંગ યોજાયો જેમાં રાજનેતાઓથી લઈ અને સામાજિક કાર્યકરો થી લઇ અને પત્રકારો મોટી સંખ્યામાં હાજરી જોવા મળી હરિભાઈ બોઘાભાઈ સોલંકીના સપુત્ર અનિલ કુમારના શુભ લગ્ન ઉત્સવમાં એક જોરદાર રિસેપ્શન ભોજન સમારો રાખવામાં આવ્યો ઓપન થિયેટર નગરપાલિકા દેલવાડા રોડ પર ઉના ખાતે યોજાયો આ શુભ લગ્ન પ્રસંગે દંપતીને આશીર્વાદ આપવા રાજનેતાઓની મોટી ભીડ જોવા મળી જેમાં ગુજરાત રાજ્ય કેબિનેટ મંત્રી કુવરજી બાવળીયા પૂર્વ

કેબિનેટ મંત્રી જસા બારોટ તેમજ જિલ્લા ભાજપા પ્રમુખ ડોક્ટર સંજય પરમા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ તેમજ તાલુકા પંચાયતના હોદેદારો પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ રામભાઈ વાળા રાજુભાઈ ડાભી તેમજ જિલ્લા પંચાયત સદસ્યો ઉના શહેર પ્રમુખ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા જેમાં તાલુકા પંચાયત કારોબારી ચેરમેન મોહનભાઈ વાજા તેમજ કોળી સમાજના અગ્રણીઓ દરેક સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સાથે પત્રકારો પણ હાજર રહ્યા હતા આ નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા સોલંકી કુટુંબનો રૂડો અવસર આનંદથી સંપન્ન થયો હતો તમામ આવતા મહેમાનોનો હરિભાઈ બોઘાભાઈ સોલંકી એ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને જ્યારે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી પ્રવુમન વાજા અને મંત્રી કૌશિક ભાઈ વેકરીયા નવદંપતીને લગ્ન જીવનની શુભેચ્છા પાઠવી હતી આ લગ્ન પ્રસંગે પાચ હજાર કરતાં વધારે મહેમાનો આ રિસેપ્શનમાં ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા આ લગ્ન પ્રસંગ ધૂમધામ પૂર્વક ઉજવાયો હતો

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા રાજકોટમાં વિદ્યાર્થીઓને બાયોટેક ક્ષેત્રમાં કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન અપાયું: આશરે ૭૫૦ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા તા. ૨૫ના રોજ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (G.S.B.T.M.) દ્વારા 'બાયોટેકનોલોજીમાં કારકિર્દીની તકો માટે માર્ગદર્શન' વિષયક એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના આશરે ૭૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ ખાતે આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં બાયોટેકનોલોજી, લાઈફ સાયન્સ અને સંબંધિત ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણ, કારકિર્દી અને કૌશલ્ય વિકસાવવાની તકો વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંશોધન, ઈનોવેશન અને ઉદ્યોગ-સાહસિકતા સંબંધિત સરકારી યોજનાઓ અને કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી હતી. આ માર્ગદર્શક સેમિનાર વિદ્યાર્થીઓને નિષ્ણાતો સાથે સંવાદ કરવાની તક પૂરી પાડીને, તેમના શૈક્ષણિક અને વ્યવસાયિક નિર્ણયો માટે માર્ગદર્શનરૂપ બન્યો હતો. કાર્યક્રમના અંતે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા નિષ્ણાત વક્તાઓ અને સહભાગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગેગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનનાં ડાયરેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજી ક્ષેત્રમાં ઉભરતી તકો અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું તથા આ વિષયમાં કારકિર્દી બનાવવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત બાયોટેક વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર ડો. સ્નેહલ બગથરીયા, મોટીવેશનલ સ્પીકર શૈલેષભાઈ સગપરીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં, તેમ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનની યાદીમાં જણાવાયું છે.

મોરબીના ઘુંટુ ગામે બાવળની કાંટમાંથી ૧ લાખથી વધુનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

તાલુકા પોલીસે આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી તાલુકા પોલીસ ટીમે મકેલ બાતમીને આધારે ઘુંટુ ગામે રામનગરી સોસાયટીમાં રેઈડ કરી વિદેશી દારૂની ૧૫૬ બોટલ તથા ૨૪ નંગ બિયરના ટીન એમ કુલ રૂ.૧.૦૩ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો હતો. આ સાથે પોલીસને દૂરથી આવતા જોઈ નાસી ગયેલ આરોપી જૈનીશ ગોસ્વામી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકા પોલીસ ટીમને બાતમી મળી કે, ઘુંટુ ગામે મોરબી-હળવદ હાઈવે ઉપર રામનગરી સોસાયટીમાં બાવળની કાંટમાં જૈનીશગીરી સંદીપગીરી ગૌસ્વામી રહે.રામકો વિલેઝ સોસાયટી વાળો વિદેશી દારૂની હેરાફેરી કરે છે, જેથી તુરંત તાલુકા પોલીસે ઉપરોક્ત સ્થળે રેઈડ કરી હતી, જ્યાંથી પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૫૬ નંગ બોટલ કિ.રૂ.૯૭,૨૦૦/- તેમજ બિયર ટીન ૨૪ નંગ કિ રૂ.૫,૨૮૦/- એમ કુલ રૂ.૧,૦૨,૪૮૦/- મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. બીજીબાજુ પોલીસને દૂરથી આવતા જોઈ ઉપરોક્ત આરોપી જૈનીશ ગૌસ્વામી નાસી ગયો હતો, હાલ તાલુકા પોલીસે આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની મદદથી પતિના ત્રાસથી ઘર છોડી એકલી રહેતી નિઃસહાય યુવતીને મળ્યો આશ્રય

મુખ્ય સમાચાર, રાજકોટ

નિરાધાર, જરૂરિયાતમંદ મહિલાઓને સુરક્ષા પુરી પાડવા માટે રાજ્ય સરકારની ૧૮૧ મહિલા હેલ્પલાઇન કાર્યરત છે. જેના થકી અનેક મહિલાઓને મદદ મળી છે. નિઃસહાય મહિલાને મદદરૂપ બનતો અન્ય એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ગત રોજ ૧૮૧ મહિલા હેલ્પલાઇન રાજકોટ ખાતે રાત્રી દરમ્યાન એક જાગૃત નાગરિકનો મદદ માટે કોલ આવેલો, જે મુજબ એક યુવતી સિટી બસ સ્ટોપની બાજુમાં બેઠી છે ને રડી રહી છે. જેથી મહિલાને યોગ્ય મદદ મળી શકે.

૧૮૧ ટીમના કર્મચારી કાજલબેન પરમાર તેમજ મહિલા કોન્સ્ટેબલ ભૂમિબેન અને પાઈલોટ પ્રકાશભાઈ સ્થળ ઉપર દોડી ગયા હતા. યુવતી નિઃસહાય હતી. યુવતી રડતી હોવાથી ટીમ દ્વારા આશ્વાસન આપી તેને વાનમાં બેસાડી ત્યારે. યુવતીએ જણાવ્યું હતું કે, મારું આ દુનિયામાં કોઈ નથીં, નાની હતી ત્યારે મારા માતાપિતા નું અવસાન થઈ ગયેલું. હું અનાથાશ્રમમાં મોટી થયેલી છું. તેમના દ્વારા જ મારા લગ્ન કરાવી આપેલ હતા. લગ્નને આશરે ૧૩ વર્ષ જેટલો સમય થયો છે. પરંતુ છેલ્લા ૦૪ વર્ષ થી મારા પતિ નશીલા પદાર્થનું સેવન કરે છે. મને નિરંતર માનસિક, શારીરિક ત્રાસ આપે છે. જેથી અમે અલગ થઈ થયેલ છીએ. હાલ હું એકલી જ રહું છું..

પીડિતાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ માં હું છેલ્લા ત્રણ દિવસથી આવી આમતેમ ભટકું છું. મારા પરિવારમાં કોઈપણ ન હોવાથી મને આશ્રયની જરૂર છે. જેની આપવીતી સાંભળી ટીમ દ્વારા મહિલાને યોગ્ય કામ મળી રહે તેમજ રહેવા માટે મકાન ભાડે શોધી લે ત્યાં સુધી રૈનબસેરામાં આશ્રય આપવામાં આવ્યો છે.

કાજલબેને યુવતીને ફરી જયારે પણ જરૂરિયાત લાગે ત્યારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની મદદ લઈ શકે છે તેમ ધરપત આપી હતી. પીડિત મહિલાએ સુરક્ષિત આશ્રય મળતા નિઃસહાય મહિલાઓનો સહારો બનવા બદલ અભયમ ટીમ તેમજ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

રેલવે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના કર્મચારીને પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે સન્માનિત કર્યા

ઓખા-દેહરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસમાં ધુમાડો જોઈને આપી તાત્કાલિક માહિતી; ગેટમેનની સતર્કતાથી સંભવિત દુર્ઘટના ટળી

મુખ્ય સમાચાર, રાજકોટ

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) વિવેક કુમાર ગુપ્તાએ મુંબઈ સ્થિત મુખ્યાલય ખાતે વિવિધ ડિવિઝનના ૧૧ કર્મચારીઓને સન્માનિત કર્યા. આ કર્મચારીઓએ પોતાની સતર્ક અને જવાબદારીપૂર્ણ કામગીરીથી સલામત અને અવિરત રેલ સંચાલન સુનિશ્ચિત કર્યું. ઑક્ટોબર ૨૦૨૫ દરમિયાન સંભવિત ઘટનાઓને રોકવામાં આ કર્મચારીઓ દ્વારા ભજવવામાં આવેલી મહત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને તેમને જી.એમ. સલામતી પુરસ્કાર (GM Safety Award) એનાયત કરવામાં આવ્યો. સન્માનિત કર્મચારીઓમાં રાજકોટ ડિવિઝનના મનીષ કુમાર (ગેટમેન, ફાટક નંબર ૨૫૨)નો પણ સમાવેશ થાય છે, જેમને જનરલ મેનેજર સલામતી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૧૦ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મનીષ કુમાર રાજકોટ ડિવિઝનના ભોપલકા-ભાટેલ સેક્શનમાં સ્થિત ફાટક નંબર ૨૫૨ પર ડ્યુટી પર તહેનાત હતા. લગભગ ૧૧૪૦ વાગ્યે, જ્યારે ટ્રેન નંબર ૧૯૫૬૫ (ઓખા-દેહરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસ) ફાટક પરથી પસાર થઈ રહી હતી, ત્યારે તેમણે એન્જિનથી ત્રીજા કોચમાં ધુમાડો નીકળતો જોયો. તેમણે તુરંત સતર્કતા દાખવીને સ્ટેશન માસ્ટર, ભાટેલને જાણ કરી, જેના પછી ટ્રેનને રોકવામાં આવી. સમયસર આપવામાં આવેલી માહિતીને કારણે લોકો પાઈલટ અને ટ્રેન મેનેજરે ટેકનિકલ તપાસ કરીને કોચ નંબર WR 201214 LS માં જામ થયેલા બ્રેક લોકની ઓળખ કરી અને બે અગ્નિશામક યંત્રોની મદદથી જરૂરી સુધારાત્મક કાર્યવાહી કરી. આનાથી સંભવિત દુર્ઘટના ટળી અને ટ્રેન સુરક્ષિત રીતે આગળ વધી શકી.

મનીષ કુમારની સજાગતા, સમર્પણ અને તાત્કાલિક નિર્ણય લેવાની ક્ષમતાને કારણે માત્ર એક મોટી દુર્ઘટનાને જ રોકી શકાઈ નહીં, પરંતુ અન્ય ટ્રેનોના સંચાલન સમય અને રેલવે સંપત્તિને પણ સંભવિત નુકસાનથી બચાવી શકાઈ.

જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તાએ પુરસ્કાર મેળવનાર કર્મચારીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે, આ કર્મચારીઓની નિષ્ઠા અને કાર્ય પ્રત્યેનું સમર્પણ સમગ્ર પશ્ચિમ રેલવે પરિવાર માટે પ્રેરણાનો સ્ત્રોત છે.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીનાએ પણ ગેટમેન મનીષ કુમારને અભિનંદન પાઠવ્યા અને તેમના નોંધનીય કાર્યની સરાહના કરી તેમજ ભવિષ્યમાં પણ આ જ પ્રકારે સતર્કતાપૂર્વક કામ કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

રાજકોટ ડિવિઝનને તેના આવા કર્તવ્યનિષ્ઠ અને સતર્ક કર્મચારીઓ પર ગર્વ છે, જેઓ પડકારજનક પરિસ્થિતિઓમાં પણ ધૈર્ય અને સમજદારી સાથે કાર્ય કરીને રેલ સંચાલનની સંપૂર્ણ સલામતી સુનિશ્ચિત કરે છે.

મુખ્યમંત્રીએ જાહેર કરેલ ૧૦ હજાર કરોડના કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે ૨૯ નવેમ્બર સુધીમાં અરજી કરવા ખેડૂતોને અપીલ

મુખ્ય સમાચાર, રાજકોટ

મુખ્યમંત્રીના કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માગતા ખેડૈતોએ ૨૯ નવેમ્બર સુધીમાં ગ્રામ્ય કક્ષાએ VCE/VLE મારફત અરજી કરાવી લેવા રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે.

ઓક્ટોબર માસમાં થયેલ કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ પારાવાર નુકશાની સમયે રાજ્ય સરકારના ખેતીવાડી ખાતાના અધિકારીઓ, ગ્રામ સેવકો સાથે મળીને ગણતરીના દિવસોમાં રાજકોટ વિભાગ હેઠળના ૩૯ તાલુકાઓમાં ખેતીમાં થયેલ નુકશાનીનો સર્વે પૂર્ણ કર્યો હતો. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેના ભાગ રૂપે ખેડૂતોને નુકશાની પામેલ પાક બિન પિયત, પિયત કે બહુ વર્ષાયુ હોય તો પણ સમાન પ્રકારે ૩૩% કે તેથી વધુ નુકશાનીના કિસ્સામાં રૂ. ૨૨૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે વધુમાં વધુ બે હેક્ટર એટલે કે ૪૪૦૦૦/- જેટલી સહાય ચૂકવવાનું જાહેર કરવામાં આવ્યું છે.

હાલ જ્યારે શિયાળુ વાવેતરનો સમય છે ત્યારે ખુબ મહેનતમાં પરોવાયેલ કૃષિકારોને આ અંગેની તલસ્પર્શી વિગતો રાજ્યના ખેતીવાડી ખાતા દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે અને જો દિવસે ખેડૂતોને નવરાશ ન હોય તો રાત્રીના સમયે પણ ગ્રામ્ય કક્ષાએ ''કૃષિ રાહત પેકેજ-ઓક્ટોબર, ૨૦૨૫'' ની અરજીઓનો બહોળો પ્રતિસાદ ખેડૂતો દ્વારા સૌરાષ્ટ્ર - કચ્છનાં ખેડૂતો દ્વારા મળી રહ્યો છે. જેની અરજી કરવામાં બાકી રહી ગયેલ ખેડૂતોને તા. ૨૯-૧૧-૨૦૨૫ સુધીમાં તાત્કાલિક ધોરણે ગ્રામ્ય કક્ષાએ VCE/VLE મારફત અરજી કરાવી લેવા ખેતીવાડી ખાતાની યાદીમાં જણાવાયું છે.

સમાચાર સંક્ષીપ્તમાં

ગુમસુદાની જાણ કરવા અંગે

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની યાદી મુજબ રાજકોટના વાવડી ઈન્ડસ્ટ્રીયલ એરીયા, ગોપાલ હોટલની બાજુમા કારખાનામાં રહેતા રેનાકુમારી મનોજકુમાર ચૌધરી (ઉ.વ.૨૧) ગત તા-૧૯/૧૧/૨૦૨૫ ના રોજ કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા છે. રેનાકુમારીના જમણા હાથની કલાઈ પર મનોજ લખેલ છે. ગુમ થનાર વિશે કોઈ માહીતી મળી આવે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૩૪૦, ૬૩૫૯૬૨૭૪૧૫ અથવા ૯૭૧૨૫૨૨૩૫૫ મોબાઈલ નંબર પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

મોરબીના શક્ત શનાળા ગામે બીમારી સબબ આધેડનું મૃત્યુ

મોરબીના શક્ત શનાળા ગામે ૪૩ વર્ષીય આધેડનું કોઈ બીમારીને કારણે પોતાના રહેણાક મકાને મૃત્યુ થયું હતું. હાલ પોલીસે અ.મોતની નોંધ કરી છે.

મોરબીના શક્ત શનાળા ગામે દરબારગઢ ખાતે રહેતા યોગરાજસિંહ જશુભા ઝાલા ઉવ ૪૩ નું કોઈ બીમારીના કારણે અચાનક સ્વાસ્થ્ય બગડતા પોતાના ઘરે મૃત્યુ પામ્યા હતા, ત્યારે પરિવારજનો મૃતકની ડેડબોડી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં હાજર ડોક્ટરે પોલીસને જાણ કરતા પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના બેલા(રં) ગામે વિદેશી દારૂની ૭૮ બોટલ સાથે એક પકડાયો

મોરબી તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે બેલા(રં) ગામે તળાવની પાળ ઉપર બાવળની કાંટમાં વિદેશી દારૂની નાની-મોટી ૭૮ નંગ બોટલ કિ.રૂ.૨૬,૬૩૦/- સાથે આરોપી વસીમભાઈ ઓસમાણભાઈ નારેજા ઉવ.૨૯ રહે.બેલા રંગપર વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. હાલ તાલુકા પોલીસે પકડાયેલ આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના ભડિયાદ રોડ ઉપરથી વર્લી મટકાનો જુગાર રમતા એક ઝડપાયો

મોરબી શહેરના ભડિયાદ રોડ નજરબાગ રેલ્વે સ્ટેશન નજીક જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમતા આરોપી અફઝલભાઈ ઉર્ફે જલો અકબરભાઈ સમા ઉવ.૨૮ રહે. સો ઓરડી શેરી નં.૬ મોરબી-૨ વાળાને મોરબી બી ડિવિઝન પોલીસે રોકડા રૂ.૧,૦૦૦/-તથા વર્લી મટકા ના આંકડાનો જુગાર રમવાના સાહિત્ય સાથે ઝડપી લઈ આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના ઉંચી માંડલ ગામ નજીક બાઈક ઉપર દારૂની બોટલ લઈ નીકળેલ બે પકડાયા

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઉંચી માંડલ ગામની સીમમાં તળાવીયા શનાળા જવાના રસ્તે શંકાસ્પદ હાલતમાં ડબલ સવારી મોટર સાયકલ હીરો સ્પ્લેન્ડર રજી.ન. જીજે-૩૬-એએન-૮૦૩૯ લઈને પસાર થતા તેને રોકી તલાસી લેતા તેના પાસેથી વિદેશી દારૂની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૧ બોટલ કિ.રૂ.૧,૧૦૦/-મળી આવી હતી. જેથી તુરંત મોટર સાયકલ ચાલક આરોપી દેવરાજભાઈ પ્રભુભાઈ કેરવાડીયા ઉવ.૨૫ રહે. રાતાભેર ગામ તથા આરોપી ધરમશીભાઈ નાનજીભાઈ થરેશા ઉવ.૨૪ રહે. ઉંચી માંડલ ગામવાળાની અટકાયત કજવામાં આવી હતી. આ સાથે પોલીસે મોટર સાયકલ સહિત કુલ રૂ.૪૧,૧૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ સને પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સંવિધાન બચાવો કાર્યક્રમનું આયોજન કરાયું

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં આજે ૨૬ નવેમ્બર, બંધારણ દિવસ નિમિત્તે મોરબી જીલ્લામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા બંધારણના રક્ષણ, નાગરિક અધિકારોની જાળવણી અને બંધારણીય સંસ્થાઓની નિષ્પક્ષતા જાળવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ વાગ્યે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ તથા આમુખ વાચન સાથે કાર્યક્રમની શરૂઆત થશે.

આજે તા. ૨૬ નવેમ્બર બંધારણ દિવસના અવસરે સમગ્ર દેશમાં ભારતના બંધારણના મૂલ્યોને યાદ કરવામાં આવે છે. સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, ધર્મનિરપેક્ષતા અને ભ્રાતૃત્વ જેવા ઉચ્ચ સિદ્ધાંતો ઉપર આધારિત ભારતનું બંધારણ રાષ્ટ્રની આત્મા સમાન છે. પરંતુ વર્તમાન સમયમાં નીતિગત નિર્ણયો, સંસ્થાઓ પર વધતા દબાણ અને ખાસ કરીને ચૂંટણી પંચ સહિતની બંધારણીય સંસ્થાઓની નિષ્પક્ષતા અંગે દેશવ્યાપી ચર્ચા અને ચિંતાનો માહોલ ઉભો થયો છે. આવી પરિસ્થિતિમાં બંધારણની સુરક્ષા અને નાગરિકોના અધિકારોની જાળવણી માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સંવિધાન બચાવો દિવસ તરીકે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત મોરબીમાં આજે સવારે ૧૦ વાગ્યે સિવિલ હોસ્પિટલ નજીક ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ તમામ ઉપસ્થિત દ્વારા બંધારણના આમુખનું સામૂહિક વાંચન કરવામાં આવશે, જે બંધારણીય મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ચેતનાને ઉજાગર કરશે. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મોહમ્મદ જાવિદ પીરજાદા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા, તાલુકા અને શહેર કોંગ્રેસ પ્રમુખો, વિવિધ ફ્રન્ટલ સેલના હોદ્દેદારો તથા અનેક કાર્યકરો ઉપસ્થિત રહેશે. કોંગ્રેસ પક્ષે મોરબીના તમામ કાર્યકરો, સમર્થકો અને બંધારણપ્રેમી નાગરિકોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે હાર્દિક આમંત્રણ અને નમ્ર વિનંતી કરી છે.

સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં બ્લૉકને કારણે રેલવે વ્યવહારને અસર

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર-ચમારજ સેક્શનમાં નવો રોડ ઓવર બ્રિજ (ROB-48) બનાવવા માટે બ્લૉક લેવામાં આવશે. આ બ્લૉકને કારણે ૨૯ નવેમ્બરથી લઈને ૦૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી રેલવે વ્યવહારને અસર થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો : ટ્રેન નં ૧૧૪૬૬ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ માર્ગમાં ૨ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે., ટ્રેન નં ૧૬૩૩૭ ઓખા-એર્ણાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે., ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ માર્ગમાં ૩૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો : ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમય ૭:૩૦ વાગ્યાને બદલે ૨ કલાક વિલંબથી એટલે કે ૯:૩૦ વાગ્યે ઉપડશે., ટ્રેન નં ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય ૧૦૨૫ વાગ્યાને બદલે ૨ કલાક વિલંબથી એટલે કે ૧૨૨૫ વાગ્યે ઉપડશે.

તારીખ ૦૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનો : ટ્રેન નં ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ માર્ગમાં ૩ કલાક રેગ્યુલેટ કરવામાં આવશે., ટ્રેન નં ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલથી તેના નિર્ધારિત સમય ૧૦:૨૫ વાગ્યાને બદલે ૧ કલાક વિલંબથી એટલે કે ૧૧:૨૫ વાગ્યે ઉપડશે., ટ્રેન નં ૧૬૩૩૭ ઓખા-એર્ણાકુલમ એક્સપ્રેસ માર્ગમાં ૫૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે., ટ્રેન નં ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ માર્ગમાં ૪૫ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

મોરબીના ઉંચી માંડલ ગામ નજીક બાઈક ઉપર દારૂની બોટલ લઈ નીકળેલ બે પકડાયા

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઉંચી માંડલ ગામની સીમમાં તળાવીયા શનાળા જવાના રસ્તે શંકાસ્પદ હાલતમાં ડબલ સવારી મોટર સાયકલ હીરો સ્પ્લેન્ડર રજી.ન. જીજે-૩૬-એએન-૮૦૩૯ લઈને પસાર થતા તેને રોકી તલાસી લેતા તેના પાસેથી વિદેશી દારૂની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૧ બોટલ કિ.રૂ.૧,૧૦૦/-મળી આવી હતી. જેથી તુરંત મોટર સાયકલ ચાલક આરોપી દેવરાજભાઈ પ્રભુભાઈ કેરવાડીયા ઉવ.૨૫ રહે. રાતાભેર ગામ તથા આરોપી ધરમશીભાઈ નાનજીભાઈ થરેશા ઉવ.૨૪ રહે. ઉંચી માંડલ ગામવાળાની અટકાયત કજવામાં આવી હતી. આ સાથે પોલીસે મોટર સાયકલ સહિત કુલ રૂ.૪૧,૧૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ સને પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

નોકરિયાતો, કારીગરો, ધંધાર્થીઓના હીતમાં વેરાવળ-રાજકોટ ટ્રેનનું ક્રોસીંગ રીબડાના બદલે ભક્તિનગર કરવું જરૂરી

મુખ્ય સમાચાર, રાજકોટ

વેરાવળ-રાજકોટ અપડાઉન એસોસીએશનની રજુઆતના અનુસંધાને રાજકોટ-ભાવનગર D.R.M ને પત્ર પાઠવતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા.

વેરાવળ-રાજકોટ અપડાઉન કરતા એસોસિએશનના સભ્યો દ્વારા વેરાવળ, કેશોદ,જુનાગઢ, જેતપુર (નવાગઢ), વિરપુર, ગોંડલથી રાજકોટ ટ્રેનમાં નિયમીત રીતે અપડાઉન કરતાં નોકરીયાત ભાઈ/બહેનો, ધંધાર્થીઓ દ્વારા રેલ વિભાગ દ્વારા રીબડા ક્રોસીંગ માટે લેવામાં આવેલ નિર્ણયનો વિરોધ કરી નિર્ણયમાં ફેરફારો કરવા રજુઆત કરી છે.

એસોસિએશનના સભ્યો દુષ્યંત ચાવડા, પપ્પુભાઈ કારીયા, હર્ષિત મારૂ, પી.જી.જાડેજા, રમેશ પટેલ, સંજયભાઈ ઠાકર, હર્ષ કારીયા સહિતના સભ્યોની રજૂઆતને ધ્યાનમાં રાખી રાજયના કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ રાજકોટ અને ભાવનગરના D.R.M ને મુસ-ાફરોના હીતમાં ક્રોસીંગ સ્થળમાં વહેલી તકે ફેરફાર કરી સમસ્યાનું નિરાકરણ લાવવા પત્ર પાઠવ્યો છે.

વેરાવળ-રાજકોટ ટ્રેનમાં સેંકડો લોકો નિયમીત રીતે અપડાઉન કરે છે, ટ્રેન સવારના નવ કલાકે રાજકોટ પહોંચી જાય છે, રીબડા ખાતે ૩૦ થી ૩૫ મીનીટ સુધી ટ્રેન ઉભી રહેતા સરકારી, ખાનગી ઓફીસો, કારખાનામાં જતાં કારીગરો, ધંધાર્થીઓને પોતાના સ્થળે સમયસર પહોચવામાં વિલંબ થતાં આર્થિક નુકશાની સહન કરવી પડે છે.

રીબડા-રાજકોટ વચ્ચે માત્ર ૧૨ મીનીટનો સમય લાગે છે જેથી ક્રોસીંગના સ્થળને બદલી ભક્તિનગર ખાતે કરવા અથવા ટ્રેન નં.૫૯૫૬૧(રાજકોટ-પોરબંદર) ટ્રેન સવારના ૮.૫૦ ના સમયે ઉપાડવામાં આવે છે જેમાં ફેરફાર કરી માત્ર ૧૦ મીનીટ મોડી ઉપાડવામાં આવે તો પણ ક્રોસીંગના પ્રશ્નનો ઉકેલ આવી શકે તેમ છે.

ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળાએ કરી આત્મહત્યા

પૂર્વ મંગેતરે દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યાના એક વર્ષ બાદ જીત પાબારીનો આપઘાત



મુખ્ય સમાચાર, રાજકોટ

ક્રિકેટર ચેતેશ્વર પુજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. માલવિયાનગર પોલીસની ટીમ ખાનગી હોસ્પિટલ પહોંચી. તબીબે મૃત જાહેર કરતા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગત ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ માલવિયા નગર પોલીસ સ્ટેશન ખાતે જીત પાબારીની પૂર્વ મંગેતર દ્વારા જીત વિરુધ્ધ દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આમ એક વર્ષ બાદ એટલે કે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આત્મહત્યા કરી લીધી છે.

મૃતક જીતની પૂર્વ મંગેતરે લગ્નની લાલચ આપી જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યાના આક્ષેપ કર્યા હતા. સગાઈ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું તેમજ ત્યારબાદ સગાઈ તોડી નાખવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો.

ચેતેશ્વર પૂજારાના સાસરિયાઓ જામજોધપુરના છે. પરંતુ વીસેક વર્ષથી રાજકોટમાં જ રહે છે. તેના સસરાને કોટનની જિનિંગ ફેક્ટરી છે. ચેતેશ્વરની પત્ની પૂજા ઉપરાંત તેને એક નાનો ભાઈ અને એક નાની બહેન છે. પૂજાનો જન્મ ગોંડલમાં થયો છે. દસમા ધોરણ સુધી આબુની સોફિયા સ્કૂલથી ભણી ૧૧-૧૨ અમદાવાદથી કર્યું છે અને માસ્ટર ડિગ્રી બોમ્બેથી મેળવી છે. એ પછી એક વર્ષ સુધી મલ્ટિનેશનલ કંપનીમાં જોબ કરી અને પછી ચેતેશ્વર મળી ગયો અને મેરેજ કરી લીધાં.

મોરબી ઉમિયાનગર સોસાયટીમાં ૨૫ વર્ષીય યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના શનાળા રોડ વિસ્તારના ઉમિયાનગર-૨ સોસાયટીમાં રહેતા ૨૫ વર્ષીય યુવકે કોઈ અકળ કારણોસર ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. હાલ શહેર પોલીસે અ.મોતની નોંધ કરી તપાસની તજવીજ શરૂ કરી છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અ.મોતની નોંધની પ્રાપ્ત વિગત મુજબ, વિશ્વરાજસિંહ જીતેન્દ્રસિંહ ઝાલા ઉવ.૨૫ રહે.મોરબી શનાળા રોડ ઉમિયાનગર-૨ સોસાયટી રામેશ્વર મહાદેવ સામેની શેરી વાળાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મવિલોપ કરી લેતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ત્યારે પરિવારજનો મૃતકનો મૃતદેહ સરકારી હોસ્પિટલ લાવતા, સીટી એ ડિવિઝન પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોત રજી. કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી નિવાસી વિશ્વરાજસિંહ ઝાલાનું દુઃખદ અવસાન, ૨૭મીએ બેસણું

મોરબીમાં સ્વ. વિશ્વરાજસિંહ જીતેન્દ્રસિંહ ઝાલા ઉવ.૨૪ મૂળ ગામ પંચાસર હાલ મોરબી તેઓ રાજદીપસિંહના ભાઈ તા. ૨૫/૧૧/૨૦૨૫ને મંગળવારના રોજ દેવચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. ૨૭/૧૧/૨૦૨૫ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી તેમના નિવાસ સ્થાન નાની કેનાલ રોડ, રામેશ્વર મંદિરની સામે મોરબી ખાતે રાખેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

થોરાળા પોલીસ સ્ટેશનના પી.આઈ.ની તાનાશાહી

ASIને આરોપીએ ધમકી આપ્યાની ફરીયાદ ન નોંધી ટ્રાફિકમાં બદલી કરી નાખી...?

એએસઆઈએ પોલીસ કમિશનરને લેખીતમાં ફરીયાદ કરીઃ પીઆઈની ચેમ્બરમાં હોમગાર્ડ સાહેબને ધમકાવી એએસઆઈને ધમકી આપનાર કુબલીયાપરાના આરોપી સામે માત્ર અટકાયતી પગલા લીધા હોવાની રાવ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના સામાકાંઠે આવેલા સ્લમ વિસ્તારોમાં બેફામ પણે દારૂ-જુગારના હાટડાઓ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પુરજોશમાં ચાલતી હોય તેવી રાવ અને રજૂઆત અનેકવાર લોકોએ ઉચ્ચ અધિકારીઓને કરી છે. ત્યારે આ રજૂઆતોના પગલે પોલીસે માત્ર કાગળ પર એકલ-દોકલ સામે કાર્યવાહી કરી હાશકારો લીધો હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ તાનાશાહી ચલાવી રહ્યાના આક્ષેપો પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચુકેલા અને હાલ ટ્રાફિકમાં ફરજ બજાવતા એક એએસઆઈએ શહેર પોલીસ કમિશનરને લેખીતમાં ફરીયાદ કરી હોવાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ઓહાપોહ મચી જવા પામ્યો છે.

આ ઘટના અંગે અગાઉ થોરાળા પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવી ચુકેલા અને હાલ ટ્રાફિકમાં બઢલી થયેલા એએસઆઈ હિતેન્દ્રસિંહ ઝાલાએ શહેર પોલીસ કમિશનરને એક લેખીત ફરીયાદ થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ વાઘેલા વિરૂધ્ધ આપી હોવાની ચોક્કસ માહિતી સુત્રોમાંથી જાણવા મળી છે. જેમાં જાણવા મળ્યું છે કે, એએસઆઈ થોરાળા પોલીસ સ્ટેશનમાં વોરંટ ડયુટીની ફરજ બજાવતા હોય અને તેઓએ ગઈ તા.૯-૯-૨૦૨૫નું એનબીઓબલ્યુ વોરંટ કુબલીયાપરાના આરોપી સાગર નામના શખ્સને બજવણી કરી હોય અને તા.૨૬-૮ના તેની ધરપકડ કરી લોકઅપમાં રાખ્યા હોય અને તા.૨૭-૮ના નામદાર કોર્ટમાં રજૂ કરી કોર્ટે તેને જેલ હવાલે કર્યો હોય. આ ઘટના દરમ્યાન આરોપીએ એએસઆઈ અને મહદમાં રહેલ હોમગાર્ડ ચંદ્રેશને ધમકી આપી મનફાવે તેમ ગાળો ભાંડી હોવાની ઘટના બની હતી. ત્યારબાદ એએસઆઈ અને હોમગાર્ડે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ વાઘેલાને આ ઘટના અંગે વિસ્તૃત માહિતી તેઓની ચેમ્બરમાં આપી હતી. પરંતુ પીઆઈએ એએસઆઈ અને હોમગાર્ડની કોઈ વાત માન્ય નહીં રાખી અને આરોપી સામે ફરીયાદ નહીં નોંધી જો હુકમી અને તાનાશાહી ભર્યુ વર્તન કર્યુ હોવાની એએસઆઈએ શહેર પોલીસ કમિશનરને લેખીતમાં ફરીયાદ આપતા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

આ ખાતાકીય તપાસ છે, આ માહિતીના કાયદા હેઠળ પણ ન આપી શકાયઃ એસીપી જાદવ

થોરાળા પોલીસ સ્ટેશનમાં આગઉ ફરજ બજાવી ચુકેલા એએસઆઈ હિતેન્દ્રસિંહ ઝાલાએ લેખિતમાં પોલીસ કમિશનરને ફરીયાદ આપી થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ વાઘેલાની જોહુકમી અને તાનાશાહી અંગે જે લેખીત ફરીયાદ આપવામાં આવી છે તેની તપાસ એસીપી ચલાવી રહ્યા હોય. આ બાબતે મુખ્ય સમાચારની ટીમે એસીપી જાદવ સાહેબનો ટેલીફોનીક સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, આ તપાસ ખાતાકિય તપાસ છે. આની માહિતી અમે આપી ન શકીએ અને તમે માહિતીના કાયદા હેઠળ માગો તો પણ અમે આ માહિતી ન આપી શકીએ તે ગોપનીય છે.

સાયબર ફ્રોડ કરી બેંક ખાતાધારકને મરવા મજબુર કરનાર ઉપલેટાના ડોકટર સહિત બે શખ્સોની ધરપકડ

ડોકટર સહિત ૩ શખ્સોએ યુવાનના બેંક એકાઉન્ટનો સાયબર ફ્રોડમાં ઉપયોગ કરતા યુવાનને પશ્ચિમ બંગાળના પુરબા બર્ધમાન જીલ્લાના ભાતર પોલીસ સ્ટેશનની નોટીસ આવતા આપઘાત કર્યો'તો

મુખ્ય સમાચાર, રાજકોટ

ઉપલેટાના યુવાનના બેંક ખાતાનો સાયબર ફ્રોડમાં ઉપયોગ કરી ડોકટર સહિત ત્રણ શખ્સોએ તેને આપઘાતની ફરજ પાડવા મજબુર કર્યો હોવાની ફરીયાદ યુવાનના પિતાએ નોંધાવ્યા બાદ ઉપલેટા પોલીસે ડોકટર સહિત બે શખ્સોની ધરપકડ કરી અન્ય એકની શોધખોળ આદરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નાથાભાઈ વાસીયા નામના આહિર પ્રૌઢે ફરીયાદ નોંધાવી હતી કે, અગાઉ તેના દિકરા રાકેશ નાથાભાઈ વાસીયા (ઉ.વ.૩૪)ને દબાણ કરી ભાવિન ગોવિંદ ડઢાણીયા (રહે.મોટીવાવડી), ચીરાગ નરેશ ચંદ્રવાડીયા (રહે.ઉપલેટા), મેહુલ દલસુખ બારૈયા (રહે.ઉપલેટા) નામના ત્રણેય શખ્સોએ પોતાનો સામાન્ય ઈરાદો બર

બર્ધમાન જીલ્લાના ભાતર પોલીસ સ્ટેશનથી નોટીસ આવતા આ અંગે મરણજનાર રાકેશ વાસીયાએ આ ત્રણેય શખ્સોને વાત કરતા તેઓએ કરેલ કે તારા બેંક એકાઉન્ટનો અમારે ઉપયોગ કરવાનો છે. તારાથી થાય તે કરી લેજે અને તારે જ જેલમાં જવાનું છે એવી બીક બતાવી ત્રાસ આપી યુવાનને મરવા મજબુર કરતા યુવાને સ્યુસાઈડ નોટ લખી કુવામાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોય. ત્યારબાદ યુવાનના પિતાએ આ ત્રણેય શખ્સો વિરૂધ્ધ આપઘાતની ફરજ પાડવા અંગેનો ગુન્હો ઉપલેટા પોલીસમાં નોંધાવતા પીઆઈ બી.આર.પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે ઉપલેટાનો ડોકટર ચીરાગ નરેશ ચંદ્રવાડીયા અને મેહુલ દલસુખ બારૈયાની ધરપકડ કરી મોટીવાવડીનો ભાવિન ગોદિ ડઢાણીયાની શોધખોળ શરૂ કરી છે.

લાવવા માટે રાકેશ નાથાભાઈ વાસીયાને દબાણ કરી તેના નામે એચડીએફસી બેંકમાં ખાતુ ખોલાવી ખાતામાં યુવાનને જાણ બહાર સાયબર ફ્રોડના કરોડો રૂપિયાની લેતી-દેતી કરેલ હોય અને આ રૂપિયાની લેતી-દેતીમાં પશ્ચિમ બંગાળ રાજયના પુરબા

લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક યોજાઈઃ બે કેસમાં ફરીયાદ નોંધવા હુકમ

૫૮ કેસોની સમીક્ષાઃ ૩૬ કેસ ડ્રોપ, ૧૯ મામલામાં સુખદ સમાધાનઃ એક પેન્ડીંગ

મુખ્ય સમાચાર, રાજકોટ

સોમવારે જિલ્લા કલેકટર ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકોટ શહેરના ડીસીપી અને જિલ્લા પોલીસવડા સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન કુલ ૫૮ જેટલા કેસો પર સમીક્ષા કરવામાં આવી હતી. આ પૈકી સાત અરજદારોને રૂબરૂ સાંભળીને તેમની રજૂઆતો ધ્યાને લેવામાં આવી હતી. રાજકોટ શહેરના બે જેટલા કેસોમાં તાત્કાલિક ધોરણે પોલીસ ફરિયાદ નોંધવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૩૬ જેટલા કેસોને પૂરતા આધારના અભાવે અથવા અન્ય કારણોસર ડ્રોપ કરવામાં આવ્યા હતા. ૧૯ જેટલા કેસોમાં અરજદારો અને સામે પક્ષ વચ્ચે સુખદ સમાધાન થયું હોવાનું સામે આવ્યું હતું. માત્ર એક કેસ વધુ ચકાસણી અને દસ્તાવેજોની જરૂરિયાતને કારણે પેન્ડિંગ રાખવામાં આવ્યો છે.

સાયબર માફીયાએ નિવૃત આર્મીમેનને શિકાર બનાવ્યા ઓનલાઈન નાણા ટ્રાન્સફર કરનાર સામે ફરિયાદ

બેંક કર્મચારીની ખોટી ઓળખ આપી હત્યાતીના દાખલાની લીંક મોકલી ૩.૧૦ લાખ ઉપાડી લીધા

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં નિવૃત આર્મીમેન ને પેન્સન માટે હયાતીનો દાખલો આપવાનો હોય ગઠીયાએ લીંક મોકલી તેના ખાતામાંથી રૂ.૩.૧૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરવી લીધાનો બનાવ બહાર આવતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રૈયા પાસે હીલ્સ શાંતીનગર રોડ પર ક્રીમ સીટીમાં રહેતા સુધીરભાઈ ગીરીશભાઈ મોનાણીએ ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના પિતા અગાઉ આર્મીમા હતા અને

નિવૃત થયા બાદ પંજાબ નેશનલ બેંકમાં ઓફીસર તરીકે નોકરી કરતા હતા અને સને.૨૦૧૮માં ત્યાથી પણ નિવૃત થયા હતા બેંકમાં નોકરી કરતા હોય જેથી તેના કર્મચારીના વ્હોટ્સેપ ગ્રુપમાં હતા જે ગ્રુપમાંથી કોઈ નંબર વાળાએ ફોન કરી તેના પેન્સન માટે વર્ષનો હયાતીના દાખલા બેંકમાં આપવાનો બાકી હોય અજાણ્યા શખ્સે લીંક મોકલી હતી જેથી નિવૃત કર્મચારીએ વ્હોટસએપ પર ફોટા અને લીંક મોકલી હતી જે લીંક ઓપન કર્યા બાદ ફોન હેક થઈ ગયો હતો ત્યારબાદ તેના ખાતામાંથી રૂપિયા પાંચ-પાંચ લાખ ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયાનું જાણવા મળ્યું હતું જે અંગે પિતાએ ઘેર આવી વાતચીત કરી હતી બાદમાં સાયબર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ડોબરિયા સહિતના સ્ટાફે સુધીરભાઈની ફરિયાદ પરથી છેતરપિંડી સહિતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

સ્તનપાન કરાવતી માતાનું દૂધ શ્વાસ નળીમાં જતા નવજાતનું મોત

પ્રથમ સંતાનનાં મૃત્યુથી વ્યાસ પરિવારમાં અરેરાટી

મુખ્ય સમાચાર, રાજકોટ

થોરાળા વિસ્તારમા ખીજડાવાળા રોડ પર રહેતા દંપતીનાં એક મહિનાનાં બાળકને શ્વાસનળીમા દુધ ચડી જતા તેમનો શ્વાસ રૂંધાઈ ગયો હતો અને તેમનુ સારવારમા મૃત્યુ નીપજયુ હતુ. એકનાં એક પુત્રનાં મૃત્યુથી પરીવારમા શોક છવાઈ ગયો છે. આ મામલે થોરાળા પોલીસે કાગળો કર્યા હતા. વધુ વિગતો મુજબ થોરાળામા ખીજડાવાળા રોડ પર રહેતા કીશનભાઈ સોલંકીને ત્યા એક મહીના પહેલા પુત્રનો જન્મ થયો હતો. તેઓએ તેમનુ નામ વ્યાંશ રાખ્યુ હતુ. રાત્રીનાં સાડા બાર વાગ્યે માતા નીલમબેને ગયો હતો અન્ય ત્યારબાદ સવારમાં ગયો હતો અને ત્યારબાદ સવારનાં સમયે બાળકને જગાડતા જાગ્યો ન હતો અને કીશનભાઈ અને તેમનાં પત્ની

નીલમબેને બાળકને તુરંત હોસ્પીટલે લઈ ગયા હતા. જો કે ત્યા ફરજ પરનાં તબીબે નવજાત પુત્રને મૃત્યુ જાહેર કર્યુ હતુ. પોલીસમાથી જાણવા મળ્યુ હતુ કે નવજાત બાળકને દુધ પીવડાવ્યા બાદ દુધ શ્વાસનળીમા ચડી જતા તેમનો શ્વાસ રૂંધાઈ ગયો હતો અને બાળકનુ મૃત્યુ નીપજયુ હતુ. કીશનભાઈ ગેસનાં લાઈટરનુ કામ કરે છે . પરીવારજનોએ જણાવ્યુ હતુ કે કીશન અને નીલમબેનનાં લગ્ન બાદ તેમનુ આ પહેલુ સંતાન આવ્યુ હતુ અને પરીવારમા પુત્રનો જન્મ થતા પરીવાર ખુશખુશાલ હતો . પરંતુ એકનાં એક પુત્રનુ મૃત્યુ નીપજતા આ હરખ શોકમા છવાઈ ગયો હતો.

શાપર-વેરાવળમાં આવારા તત્વોનો આતંકઃ લતાવાસીઓ ત્રાહીમામ

દારૂ-ગાંજા સહિતના નશીલા દ્રવ્યોનો વેપલો, અવાર-નવાર હુમલાઃ કાર્યવાહીની માંગ

મુખ્ય સમાચાર, રાજકોટ

શાપર વેરાવળમાં ઠેલકા રોડ પર આવેલી આશ્રય હોમ્સ નામની સોસાયટીમા લુખ્ખા શખ્સના ત્રાસથી રહેવાસીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. આ શખ્સ સોસાયટીમાં ગાંજો અને દારૂનો વેપલો કરતો હોય અને અવાર નવાર સોસાયટીના રહેવાસીઓ સાથે ઝપાઝા કરી હુમલો કર્યાના બનાવો સામે આવ્યા છે. આમ છતા પોલીસ કોઈ કાર્યવાહી કરતી ન હોવાથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ અંગે સોસાયટીના રહેવાસીઓએ શાપર-વેરાવળ પોલીસને લેખિત રજૂઆત કરી લુખ્ખા શખ્સ વિરૂધ્ધ ઓકરી કાર્યવાહી કરવા માંગ કરી છે.

જાણવા મળતી વિગત મુજબ શાપર-વેરાવળમાં ઠેલકા રોડ પર

આવેલી આશ્રય હોમ્સ નામની સોસાયટીના રહેવાસીઓએ શાપરવેરાવળ પીઆઈને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ આ સોસાયટીમાં બ્લોક નં.૨૧૮માં રહેતો સુમીત નામનો શખ્સ દારૂ અને ગાંજાનો વેપલો કરતો હોય આ શખ્સ વિરૂધ્ધ દારૂ, ગાંજો અને હથિયાર જેવા કેસો શાપર પોલીસમાં નોંધાયેલા છે. આ શખ્સ અને તેના મળતીયા દ્વારા અવાર નવાર છરી, તલવાર હથિયારો સાથે આતંક મચાવી લોકો ઉપર હુમલા કરે છે. સુમીતના પરિવારજનો પણ લોકોને ધમકાવતા હોય પોતાની જાતે શરીર ઉપર છરકા મારી સોસાયટીના નિર્દોશ લોકો ઉપર આક્ષેપો કરી તેને ખોટા કેસમાં ફસાવે છે. સોસાયટીમાં રહેતા લોકો સાથે ખોટી રીતે ઝપાઝા કરી હુમલા કરે છે અને ફરિયાદ કરેશો તો જાનથી મારી નાખશે તેવી ધમકીઓ આપે છે. તાજેતરમાં છઠ્ઠ પૂજાના દિવસે સોસાયટીના પરિવાર સાથે ઝપાઝા કરી તેનુ માથુ ફોડી નાખ્યુ હતું. જે અંગે પરિવારજનો શાપર પોલીસ મથકમાં ફરિયાદ કરવા જતા સુમિતના મળતીયાઓ દ્વારા પોલીસ મથકની અંદર જ ભોગ બનાર પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જયારે બીજા બનાવમાં વૃધ્ધ દંપતિ અને તેના પુત્ર ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. સુમીત પોતાની જાતે શરીરે ઈજા કરી બાદમાં નિર્દોશ લોકો ઉપર ફરિયાદ કરી તેને ફસાવે છે.

આમ લુખ્ખા શખ્સના ત્રાસથી સોસાયટીના રહેવાસીઓને ઘર બહાર નીકળવુ મુશ્કેલ બની ગયુ હોય લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. આ અંગે અગાઉ શાપર પોલીસમાં ફરિયાદ કરવા છતા પોલીસ કોઈ પગલા લેતી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ અંગે રહેવાસીઓ દ્વારા શાપર પોલીસને રજૂઆત કરી સુમીત અને તેના મળતીયાઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તેનુ સરઘસ કાઢવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

રાજકોટના ટ્રક ચાલકે બામણબોર પાસે દવા પી જીવન ટૂંકાવ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના આજીડેમ ચોકડી પાસે કિસાન ગૌશાળા નજીક રહેતા ટ્રક ચાલક યુવાને મોટાભાઈને ફોન કરી નમે દવા પી લીધી છેવ તેમ કહી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પરિવારજનો ટ્રકમાં લગાવેલા જીપીએસ લોકેશનના આધારે બામણબોર નજીક પહોંચતા ઝેરી દવા પીધેલી હાલતમાં યુવાનને સારવારમાં ખસેડાયો હતો. પરંતુ અહીં તેનુ મોત નીપજ્યુ હતું.જાણવા મળતી વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે કિસાન ગૌશાળા મેઈન રોડ પર રાધેકૃષ્ણ સોસાયટીમાં રહેતા ટ્રક ચાલક પ્રકાશ વિનુભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૩૩) નામના યુવાને સાંજે ઝેરી દવા પી લીધા બાદ. તેના મોટાભાઈ લવજીભાઈને ફોન કરી નમે દવા પી લીધી છેવ તેમ કહી ફોન મૂકી દીધો હતો. જેથી પરિવારજનો ભરતના ટ્રકમાં લાગવેલા જીપીએસ લોકેશનના આધારે બામણબોર ગામના ઢાળીયા નજીક દોડી જતા ટ્રકમાંથી ભરત ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અહીં તેનુ ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એરપોર્ટ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ભરત પાંચ ભાઈમાં વચેટ અને તેને સંતાનમાં બે પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે. તેણે આ પગલુ શા માટે ભરી લીધુ તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

મનપામાં ટાઉન પ્લાનિંગ શાખાએ શું-શું કર્યું? એમ.ડી.સાગઠિયાએ માંગ્યો હિસાબ'

અગ્નિકાંડમાં સુપ્રીમ કોર્ટ તરફથી જામીન મળ્યા બાદ એમ.ડી.સાગઠિયાએ આરટીઆઈ હેઠળ અરજી કરી ૨૦૦૭થી લઈ ૨૦૨૫ સુધીમાં થયેલી બદલી, ટીआરપી ગેઇમઝોનને કરાયેલો મનાઈ હુકમ, નોટિસઓપરાંત ૧ જાન્યુ. ૨૦૨૨થી ૧ એપ્રિલ-૨૦૨૪ સુધી થયેલી બદલી સહિતના જવાબ માગતા દોડધામ

મુખ્ય સમાચાર, રાજકોટ

ટીआરપી ગેઇમ ઝોન અગ્નિકાંડની ગોઝારી દુર્ઘટનાને ભલે બે વર્ષ કરતા વધુ સમય વીતી ગયો પરંતુ તેને હજુ સુધી કોઈ ભૂલી શક્યું નથી. આ દુર્ઘટના પાછળ જવાબદાર લોકોની ધરપકડ કરાયા બાદ એક બાદ એક જામીન પણ મળવા લાગ્યા છે ત્યારે આવા જ એક આરોપી તત્કાલિન ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠિયા પણ સુપ્રીમ કોર્ટમાંથી જામીન લઈ બહાર નીકળ્યા છે ત્યારે અગાઉની પોતાની જ શાખાએ ૧૭ વર્ષમાં શું શું કર્યું તેનો હિસાબ માંગતા તમામ દોડતાં થઈ ગયા છે.

એમ.ડી.સાગઠિયાએ આરટીઆઈ કરીને ટાઉન પ્લાનિંગ શાખા પાસેથી અલગ-અલગ નવ મુદ્દાનો જવાબ માંગ્યો છે. સાગઠિયાએ આરટીઆઈમાં જણાવ્યું છે કે ૧-૮-૨૦૧૪થી ૨૪-૫-૨૦૨૪ દરેક ઝોનના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર દ્વારા પ્રાયોસિટી લિસ્ટ તૈયાર કર્યું હોય તો તેની ખરી નકલ, ૧-૧-૨૦૦૮થી ૨૪-૫-૨૦૨૪ દરમિયાન મ્યુનિસિપલ કમિશનર દ્વારા ટાઉન પ્લાનિંગ ઓફિસર માટે કરાયેલા પરિપત્ર,૧-૧-૨૦૦૭થી ૨૪-૫-૨૦૨૪ દરમિયાન ડિમોલિશનનું ૨૬૦(૧) અને ૨૬૦ (૨) મુજબનું નોટિંગ અને ખરી નકલ સંપૂર્ણ ચાર્ટજોબના સ્વરૂપમાં માંગી છે. આ ઉપરાંત ૧-૮-૨૦૧૪થી ૨૪-૫-૨૦૧૪ દરમિયાન ટાઉન પ્લાનિંગ સ્કીમ, અનામત પ્લોટમાં દૂર કરાયેલું દબાણ, ટીआરપી ગેઇમ ઝોનને કરવામાં આવેલી મનાઈ હુકમ અથવા તો નોટિસ આપવામાં આવી હોય તો તેનો હુકમ અને ફાઈલની નકલ, ૧-૬-૨૦૨૪થી ૨૫-૯-૨૦૨૫ દરમિયાન ૨૬૦ (૧)ની નોટિસ, ૨૬૦(૨) અંગે બજવણીની નોટિસ તેમજ કલમ ૨૬૭ હેઠળ મનાઈ હુકમ કરેલ હોય તે ફાઈલ અને તેનું નોટિંગ, વેસ્ટ ઝોન ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ૧ એપ્રિલ-૨૦૨૩થી ૨૫ મે-૨૦૨૫ સુધીમાં એટીપી, સર્વેયર દ્વારા વોર્ડ નં.-૧૦માં ફેરણી દરમિયાન કરાયેલા ગેરકાયદે બાંધકામના રિપોર્ટની પ્રમાણિત નકલ ઉપરાંત ૧ જાન્યુઆરી-૨૦૨૨થી ૧ એપ્રિલ-૨૦૨૪ સુધીમાં ટાઉન પ્લાનિંગ શાખાના સ્ટાફની બદલી અને કામગીરી ફાળવણીના હુકમની નકલ માંગી છે.

ભાયાવદરના વ્યાજખોરના ત્રાસથી વૃદ્ધ સુરતમાં આપઘાત કરે તે પહેલા પોલીસે બચાવ્યા

મુખ્ય સમાચાર, રાજકોટ

ઈન્સ્ટાગ્રામ ઉપર ૨.૬૧ લાખ ફોલોઅર્સ ધરાવતો અને સીન-સપાટા તેમજ રોલા પાડતા વીડીયો તેમજ ફોટો અપલોડ કરનાર શખ્સે વ્યાજખોરીની ચુંગાલમાં એક વૃદ્ધને ફસાવી તેમનું જીવવું હરામ કરી નાખતા આખરે વૃદ્ધે આપઘાત કરવાનું મન બનાવી લીધું હતું. વૃદ્ધ પોતે આપઘાત કરવા જઈ રહ્યા છે તેવો મેસેજ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરને કરતાં તેમણે ભણભરનો વિલંબ કર્યા વગર ટીમને કામે લગાડી દઈ વૃદ્ધને પણ સમયસર શોધી કાઢ્યા હતા અને વ્યાજખોર ઈન્ફલુએન્સરની પણ ધરપકડ કરી લીધી હતી.

આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે ભાયાવદર રેલવે સ્ટેશન રોડ પર પોલીસ સ્ટેશનની બાજુમાં રહેતા ઉદયભાઈ હર્ષદરાય શાહ (ઉ.વ.૬૧)એ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરને તેઓ આપઘાત કરવા જઈ રહ્યા છે તેવો એક મેસેજ મોબાઈલ પર મોકલ્યો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને રાખી જિલ્લા પોલીસવડા દ્વારા ધોરાજી ડીવાયએસપી સીમરન ભારદ્વાજ તેમજ ભાયાવદર પીआઈ વી.સી.પરમારને ઉદયભાઈ શાહનું મોબાઈલ લોકેશન કઢાવવા આદેશ આપ્યો હતો. પોલીસે લોકેશન કઢાવતાં ઉદયભાઈ સુરતના મહીધરપુરા પોલીસ મથક વિસ્તારમાં હોવાનું સામે આવતાં મહિધરપુરા પોલીસ મથકના પીआઈ બ્રહ્મભટ્ટને દોડાવી ઉદયભાઈ શાહને શોધી કાઢ્યા હતા અને તેમને આત્મહત્યા કરતા અટકાવાયા હતા. ઉદયભાઈ શાહની પુછપરછ કરાતાં તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૦માં તેમણે ભાયાવદરના વિશાલસિંહ ઉર્ફે વિશ્વરાજસિંહ બળવંતસિંહ ચુડાસમા પાસેથી ૧૦% લેખે બે લાખ રૂપિયા લીધા હતા. આ પછી ૫.૮૦ લાખની રકમ તેમણે વ્યાજ સહિતપરત કરી દીધી હતી પરંતુ વિશ્વરાજસિંહે વધુ ૧૦ લાખ રૂપિયા માગતા તેમને હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર-બાદ વિશ્વરાજસિંહે ઉદયભાઈનું ૧૮ વિઘાનું ખેતર કે જેની કિંમત પાંચ કરોડ થાય છે તે કબજે કરી ત્યા માણસો બેસાડી દીધા હતા અને એ ખેતર પોતાની માલિકીનું હોય તેમ પોતાનું બોર્ડ પણ મરાવી દીધું હતું. આટલું ઓછું હોય તેમ જો ઉદ્ધભાઈ પૈસા નહીં આપે તો તેમના અન્ય પ્લોટ અને મકાન પણ પડાવી લેવાની ધમકી આપતો હોય આખરે આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો હતો.

'હું આપઘાત કરવા જાઉ છું'નો મેસેજ મળતાં જ SPએ ટીમને દોડાવી વૃદ્ધના મોબાઈલનું લોકેશન કઢાવતા સુરત મહિધરપુરા પોલીસ સ્ટેશન આવતા, ત્યાંના પીआઈને જાણ થતાં જ તાત્કાલિક વૃદ્ધને શોધી કાઢ્યા